વિશ્વવિહાર

વર્ષ : 23 * અંક : 7 * એપ્રિલ 2021 * કિં. ₹ 15

પાશવી બળ સામે નિર્ભય શાંતિ

લોકશાહીના ટેકેદારો પર બંદૂક ચલાવતી
મ્યાનમારની પોલીસને અટકાવતી મહિલા

'સાંપ્રત સમયમાં શ્રી રામકૃષ્ણ પરમહંસના સંદેશની પ્રસ્તુતતા' વિશે
સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી

'અંધાયુગ, ગાંધીયુગ અને આજ'
વિશે શ્રી ભરત દવે



'શાયર રુસ્વા મઝલૂમી'
વિશે શ્રી રજનીકુમાર પંડ્યા

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

કોરોના, તારાં કેટલાં રૂપ ?

રોજ છાપું ઉઘાડીએ અને કોરોના વાઇરસના સમાચાર નજરે પડે જ. ઘડીભર તો સમજ જ નથી પડતી કે આ ૨૦૨૧નું વર્ષ ચાલે છે કે ૨૦૨૦નું ? અમદાવાદની વાત કરીએ તો હજી બે મહિના પહેલાં જ રોજ લગભગ ચાળીસ-પચાસ વ્યક્તિઓની મહેમાનગતિ માણતો કોરોના વાઇરસ આજે રોજના દિનપ્રતિદિન વધતા અનેક લોકોનો પરોણો થવા લાગ્યો છે. છેલ્લા એક વર્ષની અંદર કોરોના વિશે આપણે એટલું બધું જાણી લીધું કે સૌ પોતાને કોરોના-નિષ્ણાત સમજવા લાગ્યા. ભલે અધૂરી તો અધૂરી માહિતી સાથે આપણે સૌ કોરોના સાથે જીવવા લાગ્યા અને એવા ટેવાઈ ગયા કે સામાન્ય સાવચેતીને કોરાણે મૂકી દીધી. આપણા આ સ્વચ્છંદીપણાનો કોરોનાએ લાભ લીધો. પછી ભલે તે યુ.એસ.એ. હોય, બ્રાઝિલ હોય, ભારત હોય કે પછી પૃથ્વીના કોઈ પણ ખંડનો કે કોઈ પણ દેશનો હોય. દરેકેદરેક વ્યક્તિ ચુસ્ત સાવધાની રાખે તો વાઇરસની દેન નથી કે આક્રમણ કરી શકે. પણ માનવસ્વભાવ જ એવો છે કે પોતાની બેદરકારીનો ટોપલો અન્ય વ્યક્તિઓ ઉપર ઢોળવો કે પછી કોઈ પ્રસંગને દોષ દેવો. ખેર ! આ બધી વાતો તો અનેક વખત વિવિધ માધ્યમો દ્વારા કહેવાઈ ગઈ છે અને ઘણી વખત તો સાવચેતીની ચેતવણી આપનારા જ ગાફેલ રહેતા હોય છે. ચાલો, વિજ્ઞાનના આશ્રયે વાઇરસની આ ચાલને ઓળખવાનો પ્રયત્ન કરીએ. વિશ્વવિહાર અને વિજ્ઞાનની વાત અંતર્ગત આપણે કોરોના વાઇરસ વિશે અવારનવાર વાત કરી છે, પણ વારંવાર બહુરૂપી કોરોના વાઇરસ નટસમ્રાટની જેમ વેશ બદલતો રહે છે તો આપણે પણ વારંવાર વિચારવિમર્શ કરતાં રહેવું પડે ને !

કરોડો વર્ષોથી દુનિયામાં રહેતા વાઇરસને આપણે માંડ ૧૦૦-૧૨૦ વર્ષોથી જાણીએ છીએ. આપણી મર્યાદિત જાણકારીને લીધે તેને જીવંત ગણવો કે નિર્જીવ તે પણ વિવાદાસ્પદ છે. વાઇરસ સ્વયં વંશવેલો નથી વધારી શકતો, આ માટે તેને કોઈ પ્રાણીની મદદ જોઈએ છે. વાઇરસ પોતાનું રૂપ સતત બદલતો રહે છે; આ બદલાયેલા રૂપને આપણે New Strain કહીએ છીએ. તેની કાર્યશૈલીમાં વાઇરસનું નવું રૂપ કોઈ જ ફેરફાર નથી કરતું પણ ક્યારેક તે જુદી રીતે વર્તે છે. કોવિડ-૧૯ ફેલાવતા વાઇરસના બદલાતા રૂપ પર વિશ્વના વિજ્ઞાનીઓ નજર રાખી રહ્યા છે. તેમના અભ્યાસ પરથી રોગ ફેલાવાની ગતિ, માનવીના આરોગ્ય પર અસર, રસીની અસર વગેરે પરિમાણોનો ક્યાસ કાઢી શકાય છે. અલબત્ત, કોરોના વાઇરસ હમણાંનો નથી. તેના વિશાળ કુટુંબના કેટલાક સભ્યો થોડી શરદી કે શ્વાસોચ્છ્વાસની ગંભીર બીમારી જન્માવે છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે વર્ષોથી કોરોના વાઇરસ મનુષ્યેતર જીવોમાં છે જ. હવે તેણે માનવશરીરમાં પ્રવેશ કર્યો છે, આમ તે માનવી માટે નવો છે.



વાઈરસના વંશીય ગુણધર્મો RNAમાં (Ribonucleic Acid) હોય છે. જ્યારે વાઈરસ માનવીને ચેપ લગાડે છે ત્યારે તે તેના કોષમાં ઘૂસી જઈ પોતાના RNAની નકલ બનાવવા માંડે છે. આ પ્રવૃત્તિથી તે ફેલાવા લાગે છે. હવે જો RNAની નકલ કરવામાં ભૂલ થાય તો વાઈરસનું નવું રૂપ જન્મે છે. આ બદલાવને વિજ્ઞાનીઓ 'Mutations' કહે છે. અકસ્માતે થતો આ ફેરફાર ઠેકાણાં વગરનો હોય છે. ફેરફાર અનિશ્ચિત હોવાથી તેની અસર પણ ભાખી શકાતી નથી. ક્યારેક તે માનવીના આરોગ્યને બિલકુલ અસર કરતો નથી તો ક્યારેક તેની અસર તોફાની બની જાય છે. ઘણી વખત નવા રૂપ માટે જૂની રસી પણ કામ કરતી નથી. ઉદાહરણ તરીકે ફ્લ્યૂ વાઈરસ દર વર્ષે રૂપ બદલે છે માટે તેની રસી પણ દર વર્ષે લેવી જોઈએ. વાઈરસના આડેધડ થતા ફેરફારમાં જો એવું રૂપ મળે કે જે સહેલાઈથી ચેપ લગાડી શકે તો તે ઝડપથી ફેલાવા લાગે છે. સ્વાભાવિક છે કે આ રૂપ થોડા જ સમયમાં ખૂબ જ સામાન્ય અને સર્વવ્યાપી બની જાય છે. સો વાતની એક વાત, કોરોના વાઈરસ સહિત બધા જ વાઈરસ સમયની સાથે બદલાતા રહે છે એ હકીકત છે.

અનુક્રમ

કોરોના, તારાં કેટલાં રૂપ ?	૩	ચિંતન ભટ્ટ
લોકશાહીના સૂર્યોદયની પ્રતીક્ષા	૭	પ્રવીણ ક. લહેરી
મુકામની પેલે પારની વાત	૧૦	મણિલાલ હ. પટેલ
આપણી 'લેન' નહીં !	૧૩	રતિલાલ બોરીસાગર
અદ્વિતીય અશ્વિન	૧૫	સુધીર તલાટી
એક કાવ્ય માટે છ મહિના	૧૭	રાજેન્દ્ર પટેલ
માંગલ્યદૃષ્ટિનું અભિવાદન	૧૮	કુમારપાળ દેસાઈ
અડધી રાતે, દુનિયાના છેડે, સાવ એકલા	૨૦	ભારતી રાણે
કાગચોથ	૨૩	વસંત ગઢવી
સંશોધનની આધારશિલા	૨૫	ઊર્મિલા ઠાકર
ખામોશીમાં થતા સંવાદનું માધુર્ય	૨૯	કૃષ્ણકાંત ઉનડકટ
શાહજહાંનો શાહીબાગ મહલ	૩૧	સુધા ભટ્ટ
વિશ્વકોશવૃત્ત	૩૪	—

જાન્યુઆરી, ૨૦૨૧માં વિજ્ઞાનીઓએ બ્રાઝિલમાં કેટલાક લોકોમાં કોરોનાનું નવું રૂપ જોયું જે તેમની જાપાનની મુલાકાતની ફલશ્રુતિ હોઈ શકે એવું તેમનું તારણ હતું. એક મહિનામાં તે રૂપ યુ.એસ.માં પણ પોતાની હાજરી નોંધાવા લાગ્યું. કોરોના વાઇરસના અગાઉના રૂપ કરતાં આ આવૃત્તિ વધુ ચેપી હતી. વળી, જેને કોવિડ-૧૯

થઈ ગયો હોય તેને પણ આ નવું રૂપ અસર કરતું હતું. ૨૦૨૦ના અંતમાં દક્ષિણ ઇંગ્લેન્ડમાં પણ કોરોના વાઇરસના નવા રૂપે દેખા દીધી. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને નાઇજીરિયામાં પણ પેલી નવી આવૃત્તિ દેખાઈ. કોરોના વાઇરસનું આફ્રિકન રૂપ તેના મૂળ સ્વરૂપ કરતાં સહેલાઈથી ફેલાતું હતું પણ માનવીના આરોગ્ય પર માઠી અસર કરતું ન હતું. અહીં સવાલ એ થાય છે કે ૨૦૨૦ની શરૂઆતમાં જ્યારે આ વૈશ્વિક મહામારી નવી નવી હતી ત્યારે આપણે સાંભળતા હતા કે નવા કોરોના વાઇરસનાં ઘણાં રૂપો છે. શું આ વાત સાચી છે ? જવાબ છે : બિલકુલ સાચી વાત. એ સમયે ચીનમાં વિજ્ઞાનીઓએ મનુષ્યોના કોરોના વાઇરસના ૧૦૩ નમૂનાઓનો અભ્યાસ કર્યો હતો. તેમણે પ્રાણીઓના કોરોના વાઇરસને પણ તપાસ્યા હતા. આ અભ્યાસનું તારણ એ આવ્યું કે માનવીના બધા જ કોરોના વાઇરસ એકસરખા ન હતા. તે મુખત્વે બે પ્રકારના હતા જેને વિજ્ઞાનીઓએ 'L' અને 'S' પ્રકાર તરીકે ઓળખાવ્યા. આ બંને રૂપોમાં બે જગ્યાએ નજીવો ફેરફાર નોંધવામાં આવ્યો. વિજ્ઞાનીઓનું કહેવું છે કે 'S' પ્રકારના વાઇરસ પહેલાં અવતર્યા પણ રોગચાળો ફાટી નીકળવાના શરૂઆતના દિવસોમાં 'L' પ્રકારના વાઇરસનો દબદબો હતો.

લોકો અને સરકારના સહિયારા પ્રયાસથી રોગચાળાને 'બ્રેક' વાગી. વિશ્વભરમાં સંક્રમણ ઓછું થવા લાગ્યું. આપણે જંગ જીતી ગયા તેવી અનુભૂતિ થવા લાગી. કોવિડ-૧૯ની રસી પણ આવી ગઈ. લાંબા સમય સુધી ચાલનારી રસીકરણની પ્રક્રિયા શરૂ થઈ. લોકો નિશ્ચિત થઈ માસ્ક, શારીરિક અંતર, વારંવાર હાથ ધોવા જેવી પ્રાથમિક તકેદારીઓ પ્રત્યે બેધ્યાન બની ગયા. ફરી પાછા સમૂહમાં ભેગા થવા લાગ્યા. બસ, કોરોનાને ફરી પાછું પોતાને ગમતું વાતાવરણ મળી ગયું. દરમિયાનમાં કેરળ અને મહારાષ્ટ્રમાં N440K અને E484K નામના કોરોના વાઇરસનાં બે રૂપો દેખાયાં. જોકે આ બે રૂપો ગયા વર્ષે માર્ચ અને જુલાઈ મહિનામાં દેખાયાં હતાં પણ તેની કોઈ ખાસ અસર સામે આવી ન હતી. અલબત્ત, આ બે રૂપો રોગચાળાના ઉછાળા માટે કારણભૂત છે તેમ છાતી ઠોકીને ન કહી શકાય. આ નવાં રૂપો અન્ય દેશોમાં પણ દેખાયાં છે.

છેલ્લા થોડા મહિનાઓમાં આપણા દેશમાં કોરોના વાઇરસના દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલનાં રૂપો પણ દેખાયાં છે. વાઇરસનાં નવાં રૂપો કેટલાં ભયજનક છે તે વિશે આપણે કશું જ જાણતા નથી. આ માટે ફક્ત પૂર્વાનુભવને આધારે જ અનુમાન કરવું ઘણું મુશ્કેલ છે. રસી કેટલા સમય સુધી ઢાલ બની રહેશે તે પણ સ્પષ્ટ નથી. અરે ! દેશમાં બધા લોકોને રસીથી સુરક્ષિત કરી શકવા માટે ખાસ્સો સમય નીકળી જશે. દરમિયાન એવો ભય સેવાય છે કે કોવિડ-૧૯ રોગચાળા માટે જવાબદાર વાઇરસનાં નવાં નવાં રૂપો સામે આવતાં જ જશે. આ સમયે રસી ચોક્કસ મદદરૂપ થઈ શકે પણ એ રામબાણ ઇલાજ તો નથી જ. એને માટે સૌએ યોગ્ય રીતે માસ્ક પહેરવો, શારીરિક અંતર જાળવવું અને શરીર-ખાસ કરીને હાથ વારંવાર સાફ કરતા રહેવું એ જ ઉપાય છે. જ્યાં સુધી વિશ્વમાં બધી જ જગ્યાએથી કોવિડ-૧૯ ભાગી ન જાય ત્યાં સુધી કોઈને પણ ગાફેલ રહેવું પાલવે તેમ નથી. છેલ્લે બાળપણની એક પ્રાર્થના એક જુદા સંદર્ભે યાદ કરી લઈએ.

'સાથે કરીએ સારાં કામ'.

– ચિંતન ભટ્ટ

સતત અઢીસોથી વધુ દિવસથી ચાલતો વિશ્વકોશનો ઑનલાઇન 'રોજેરોજ વિશ્વકોશ' વિભાગ

લૉકડાઉનના સમયમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ અને અન્ય સહુ કોઈને સામગ્રી આપતો 'રોજેરોજ વિશ્વકોશ' નામના વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો. આ વિભાગમાં 'ઇતિહાસમાં આજ' શીર્ષક હેઠળ એ દિવસે જન્મેલી કે અવસાન પામનારી મહત્ત્વની વ્યક્તિનું જીવનચરિત્ર અને એમના કાર્યની રજૂઆત કરવામાં આવી છે. તો પ્રતિદિન એક નવો વિચાર પ્રસ્તુત કરતો 'આજનો વિચાર' નામનો લેખ પ્રગટ કરવામાં આવે છે. આ ઉપરાંત 'પ્રસંગમાધુરી' શીર્ષક હેઠળ કોઈ વિભૂતિ કે અગ્રણીનો પ્રેરક પ્રસંગ આપવામાં આવે છે. વળી ગુજરાતી વિશ્વકોશમાં પ્રકાશિત થયેલાં જુદાં જુદાં લોકોપયોગી માહિતી ધરાવતાં અધિકરણો આપવામાં આવે છે તથા બાળવિશ્વકોશમાંથી પણ એ જ રીતે બાળભોગ્ય ચિત્રમય અધિકરણ રોજ આપવામાં આવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ઑનલાઇન પર રજૂ થતી 'રોજેરોજ વિશ્વકોશ'ની સામગ્રી કેટલાંક અખબારોમાં પુનઃપ્રકાશિત થાય છે તેમજ ગુજરાતની જુદી જુદી સ્કૂલોમાં પણ એમાં આવેલી સામગ્રીનું વાંચન થાય છે. ૧૧મી જૂનથી શરૂ થયેલો આ વિભાગ સળંગ અઢીસો દિવસ પૂરા કરીને આગળ ચાલે છે. રોજેરોજ વિશ્વકોશમાં શ્રી ચિંતન ભટ્ટ દ્વારા દર બુધવારે અને રવિવારે 'વિજ્ઞાનની વાત' શીર્ષક હેઠળ વર્તમાન સમયની વિજ્ઞાન-ક્ષેત્રની ગતિવિધિની માહિતી આપતા લેખો પ્રગટ થાય છે. એવી જ રીતે શ્રી અમર ભટ્ટ દ્વારા કોઈ કવિની જન્મતિથિએ કે પુણ્યતિથિએ એમનું કાવ્ય એના આસ્વાદ સાથે પ્રસ્તુત કરવામાં આવે છે.

આવી જ રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું મુખપત્ર 'વિશ્વવિહાર' પણ ઑનલાઇન મૂકવામાં આવે છે તેમજ તેને શ્રાવ્ય રૂપે પણ પ્રસ્તુત કરવામાં આવે છે.

લોકશાહીના સૂર્યોદયની પ્રતીક્ષા

આંગ સાંગ સૂ કી

ભારત દેશના અગ્નિ ખૂણે આવેલો દેશ કે જેને પ્રાચીન સમયમાં આપણે બ્રહ્મદેશ તરીકે ઓળખતા હતા. બ્રિટિશરોના આધિપત્ય હેઠળ તે દેશનું નામ 'બર્મા' પ્રચલિત હતું. બર્મામાં લશ્કરી ક્રાંતિ અને સરમુખત્યારીના સમયમાં આ દેશની ઓળખ 'મ્યાનમાર'ના નામે થઈ છે. મ્યાનમાર નામ ૬૮ ટકા જેટલી વસ્તી ધરાવતા બામર વંશીય જૂથના નામે છે. તે નામ અંગે એ દેશમાં મતભેદો પ્રવર્તે છે.

મ્યાનમારનો ઇતિહાસ ખૂબ પ્રાચીન છે. પ્રાગૈતિહાસિક યુગ, તામ્ર યુગથી શરૂ કરીને દક્ષિણ-પૂર્વના આ વિશાળ દેશનું ક્ષેત્રફળ ૨.૬૧ લાખ ચોરસ કિલોમીટરનું છે. તેની સરહદો ભારત, બાંગ્લાદેશ, થાઇલૅન્ડ અને લાઓસ સુધી વિસ્તરેલી છે. મ્યાનમારની વસ્તી ૫.૫૦ કરોડ લોકોની છે, જે ગુજરાતની ૬.૨૦ કરોડની વસ્તીથી સ્હેજ ઓછી છે. બહુમત ધરાવતા બામર વંશીય જૂથ સિવાય ૯ ટકા શાન, ૭ ટકા કરેન, ૪ ટકા રાખીને, ૩ ટકા ચીની અને ૨ ટકા ભારતીયો મુખ્ય છે. ધર્મની દૃષ્ટિએ જોઈએ તો ૮૮ ટકા વસ્તી બૌદ્ધ ધર્મ પાળે છે. ૬ ટકા ખ્રિસ્તીઓ અને ૪.૫ ટકા મુસ્લિમો છે. મુસ્લિમોનું એક નાનું જૂથ રોહિંગ્યા છે. તેની સામે મ્યાનમારના લશ્કરે કરેલી કાર્યવાહી બાદ રોહિંગ્યા ભારતમાં અને બાંગ્લાદેશમાં સ્થળાંતર થતાં આ બંને દેશોમાં ઉગ્રવાદી મનાતા રોહિંગ્યા લોકો રાજકીય મુદ્દો બન્યા છે. મ્યાનમારનું કમનસીબ એ છે કે વર્ષોથી ત્યાં વંશીય જૂથો વચ્ચે ઘર્ષણ અને હિંસા સામાન્ય બન્યાં છે. ૧૨મી સદીથી શરૂ થયેલ પગાન સામ્રાજ્ય બાદ ચારેક વંશોના શાસન બાદ ૧૮૫૨માં પ્રથમ ઍંગ્લો બર્મીઝ યુદ્ધમાં જીત મેળવનાર ભારતના બ્રિટિશ સામ્રાજ્યની હકૂમત ક્રમશઃ વિસ્તરતી ગઈ. ૧૮૫૭માં સંગ્રામની નિષ્ફળતા બાદ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહ ઝફરે રંગૂનની જેલમાં અંતિમ શ્વાસો લીધા હતા. ૧૮૮૬માં તત્કાલીન બર્મા ભારતના બ્રિટિશ સામ્રાજ્યનો હિસ્સો બન્યું. ૧૯૩૭માં બર્માને ભારતથી અલગ દેશ બનાવી તેનું ભારત સાથેનું જોડાણ પૂરું થયું. બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાંથી અનેક લોકો બર્મામાં વેપાર-ધંધા, નોકરી માટે સ્થાયી થયા. આપણા મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીનો જન્મ પણ બર્મામાં થયો હતો. બર્મા-મ્યાનમાર અલગ દેશ થયો ત્યારબાદ બીજા વિશ્વયુદ્ધમાં સમગ્ર બર્મા જાપાનના તાબે આવી ગયું હતું. આઝાદ હિંદ

ફોજે પણ રંગૂનને મુખ્ય મથક બનાવીને સ્વતંત્રતા માટે પૂર્ણ મોરચે બ્રિટિશ સેના સામે નેતાજીના ગતિશીલ નેતૃત્વ હેઠળ યુદ્ધ લડી આસામ સુધીની ભૂમિ કબજે કરી હતી.કમનસીબે જાપાનનો ટેકો ઓછો હોવાથી આઝાદ હિંદ ફોજ તેની ઝુંબેશમાં સફળ ન થઈ શકી.

૧૯૪૮માં બ્રિટનથી સ્વતંત્ર થયેલ બર્માની નેતાગીરીએ કામચલાઉ સૌ વંશીય જૂથોના આગેવાનો વચ્ચે સમાધાન કરાવ્યું હતું. તેમાં જનરલ આંગ સાંગની ભૂમિકા મહત્ત્વની હતી. તેઓ વડાપ્રધાન બન્યા તેના થોડા સમયમાં જ તેની અને તેમના કૅબિનેટ મંત્રીઓની હત્યા થઈ. આંગ સાંગને બર્માની પ્રજા પોતાના તારણહાર માને છે. ૧૯૪૮થી ૧૯૬૨ સુધી ૧૪-૧૫ વર્ષ લોકશાહીપદ્ધતિ ચાલી, પણ વંશીય જૂથોના વિખવાદનો લાભ લઈને લશ્કરે સત્તા કબજે કરી. ચીનની ઇચ્છા મ્યાનમારમાં અડ્ડો જમાવવાની હતી અને લશ્કરી શાસકોને સહાય કરી તેમનું શાસન ટકાવી રાખવામાં તેનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. લશ્કરી શાસકો અને ભારત વચ્ચે ખાસ મિત્રતા કે મનમેળ રહ્યા નહીં. વચ્ચે ચૂંટણી થઈ ત્યારે વિદેશમાં વસતા અને બ્રિટિશ નાગરિકને પરણેલા સૂ કીએ મ્યાનમારમાં લોકશાહી સ્થાપવાનું બીડું ઝડપ્યું. ૨૦૦૮નો લોકમત લોકશાહીની ઝંખના વ્યક્ત કરી શક્યો પણ લશ્કરે તેના પર પાણી ફેરવી દીધું. ૧૯૬૨થી ૨૦૧૧ના ૪૯ વર્ષના સમયગાળામાં લશ્કરે દમન અને અત્યાચાર, હિંસા અને ત્રાસ દ્વારા શાસન ચલાવ્યું.

બર્મા-મ્યાનમારના સૌથી લોકપ્રિય નેતા સૂ કીનાં માતુશ્રી ભારતમાં બર્માના રાજદૂત હતાં. સૂ કીએ દિલ્હીની લેડી શ્રીરામ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. દેખાવે દુર્બળ જણાતાં, બાળકી જેવા ચહેરા અને હાવભાવ ધરાવતાં સૂ કીનું વ્યક્તિત્વ નોખી માટીનું બનેલું છે. લશ્કરે તેમને ૧૫ વર્ષ સુધી જેલમાં અને નજરકેદ રાખ્યાં, પણ તેમનો લોકશાહીનો સંકલ્પ નબળો ન પડતાં વધારે મજબૂત બન્યો. ૧૯૯૧માં તેમને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળ્યું, પણ લશ્કરે જ્યારે કહ્યું કે તે વિદેશ જશે તો પરત આવવા દેવામાં નહીં આવે. ત્યારે સૂ કીએ વિદેશ જવાને બદલે નજરકેદ પસંદ કરી. મહાત્મા ગાંધીથી પ્રેરણા લઈ તેમણે નિર્ભય રીતે અનેક વાર સત્યાગ્રહ કર્યા. તેઓ નજરબંધ હતાં ત્યારે એક પાકિસ્તાની પત્રકારને બી.બી.સી. વતી તેનો ઇન્ટરવ્યૂ લેવાની લશ્કરે મંજૂરી આપી. પત્રકારે સવાલ કર્યો, 'મેડમ, તમને લશ્કરનો ડર નથી લાગતો ?' સૂ કીએ ચહેરા પર સ્મિત સાથે સામો પ્રશ્ન કર્યો, 'શ્રીમાન, આપ મને કહો કે મને લશ્કરે કેદ કરી છે કે મેં લશ્કરને કેદ કર્યું છે ?' પત્રકાર જવાબ આપવામાં ગૂંચવાયા. ત્યાં સૂ કીએ કહ્યું, 'મને એ જ નથી સમજાતું કે આવડું મોટું લશ્કર મારા જેવી નાજુક, નિર્બળ સ્ત્રીથી કેમ ડરે છે ?'

સમગ્ર વિશ્વને એક નવો સંદેશ મળ્યો કે ડરનારા જ હિંસા આચરે છે, અન્યાય કરે છે, નિર્ભય-નીડર માટે તો કોઈને ભય પમાડવાનો પ્રશ્ન જ નથી હોતો. દીર્ઘ લડાઈ બાદ લશ્કરે વિદેશીને પરણેલી વ્યક્તિ બંધારણીય હોદ્દો ધારણ ન કરી શકે તેવો કાયદો કરી સૂ કીની બાદબાકી કરવામાં કોઈ કચાશ ન રાખી. આમ છતાં ઑગસ્ટ, ૨૦૧૬માં

સૂ કીના પક્ષે ભવ્ય વિજય મેળવ્યો અને તેના પક્ષની સરકાર સાથે લોકશાહીની સ્થાપના થઈ. સૂ કીને બંધારણથી બહાર રાજ્ય સલાહકારનો હોદ્દો આપી સત્તાના કેન્દ્ર તરીકે લોકોએ સ્વીકારીને મજબૂત સમર્થન આપ્યું. દેશમાં વસતા ૧૦ લાખ જેટલા રોહિંગ્યા મુસ્લિમોનાં જૂથોએ આતંકી હુમલા કરતાં લશ્કરે તેમના સામે કડક કાર્યવાહી કરી. આ કાર્યવાહી માટે શાંતિ માટેનું નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર સૂ કીએ રોકવી જોઈએ તેવી અનેક દેશોની અપેક્ષા છતાં તેમણે દેશની સ્થિરતા માટે લશ્કરને છૂટો દોર આપ્યો. કર્તવ્યમાં જ્યારે વિરોધાભાસી સ્થિતિ નિર્માણ થાય ત્યારે શાસકોએ આદર્શોના ભોગે વ્યવહાર-કુશળતા દાખવવી અનિવાર્ય બને છે.

ફરી ૨૦૨૧ની ચૂંટણીમાં સૂ કીના પક્ષની જીત થતાં લશ્કરની નવી નેતાગીરીએ બંધારણ મોકૂફ રાખી ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૧થી સરકાર વિખેરી નાખી સૂ કીને ફરી જેલમાં પૂર્યાં. મ્યાનમારમાં પ્રજા લશ્કરી શાસનનો પૂરા જોશથી વિરોધ કરી રહી છે. લશ્કર તેની દમનકારી પદ્ધતિથી ત્રાસ ફેલાવી રહ્યું છે. પાંચ વર્ષ ટકેલી લોકશાહીનું ફરી બાળમરણ થયું છે. આ દર્શાવે છે કે લોકશાહી એ એક નાજુક વ્યવસ્થા છે. તેમાં સંતુલન મેળવીને શાસન કરવું સહેલું નથી. મ્યાનમારની પ્રજાનો મિજાજ લશ્કર વિરુદ્ધ છે. આગામી દિવસોમાં લોકશાહી માટેની લડત ધીમી પડશે કે લશ્કરને પીછેહઠ કરવી પડશે તે તો સમય જ નક્કી કરી શકશે. આપણને પ્રતીક્ષા છે કે જલદીથી મ્યાનમારમાંથી લશ્કરી શાસનની કાળરાત્રી પૂરી થઈ લોકશાહીનો સૂર્યોદય થાય.

ચોખા, સાગનું લાકડું અને ખેતપેદાશો માટે અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર મ્યાનમાર આજે એક ગરીબ રાષ્ટ્ર તરીકે ભ્રષ્ટાચારથી ગ્રસ્ત અને માનવઅધિકારથી વંચિત દેશ બની રહ્યો છે તે ખરેખર દુઃખદ બાબત છે. ભારતને તેના પાડોશીઓથી જ ઘેરવાની ચીની નીતિના કારણે આપણે સજાગ રહેવું જરૂરી છે. ભૂતકાળમાં ચીન અને પાકિસ્તાને મ્યાનમારમાં વંશીય જૂથોને ઉશ્કેરીને તાલીમ અને યુદ્ધ સરંજામ આપીને આપણા પ્રદેશ પર હુમલાઓ કરાવ્યા છે. ભારત અને મ્યાનમાર સહયોગથી કામ કરે તો સમગ્ર એશિયામાં સ્થિરતા, સમૃદ્ધિ અને શાંતિ સ્થાપવામાં ખૂબ ઉપયોગી સાબિત થાય તેમ છે. મ્યાનમારમાં ઉદાર, આધુનિક અને માનવતાનાં મૂલ્યોની હિફાજત કરતી શાસનવ્યવસ્થાની સ્થાપના થાય તેવું સૌ ઇચ્છે છે.

– પ્રવીણ ક. લહેરી

વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐

મુકામની પેલે પારની વાત



હરીશ મીનાશ્રુ

પાંચ-સાત વર્ષથી ગુજરાતી કવિતાના ભાવકો જેની રાહ જોતા હતા એ રળિયામણી ઘડી આવીને આંગણે ઊભી છે. હરીશ મીનાશ્રુના 'બનારસ ડાયરી' કાવ્યસંચયને કેન્દ્રીય અકાદમીનો ઈ. સ. ૨૦૨૦નો ઍવૉર્ડ આપવાની જાહેરાત થઈ છે. કવિતાની ગુણવત્તાએ ઍવૉર્ડની પ્રતિષ્ઠા સાચવી છે.

હરીશ મીનાશ્રુ છેલ્લાં ચાળીસ વર્ષથી કાવ્યસર્જનરત છે. અનુ-આધુનિક કવિઓમાં એ શીર્ષસ્થ કવિ છે. અનેક કાવ્યરૂપોમાં વિવિધ વિષય-વસ્તુ-સંવેદનાઓની કાવ્યાત્મક અભિવ્યક્તિ, નવતા અને તાજપભર્યું ભાષાકર્મ એમની કવિતાના વિશેષો છે. પદ, ગીત, ગઝલ, છંદોબદ્ધ અને પરંપરિત લયની કવિતા કરવા સાથે એમણે અછાંદસ અને દીર્ઘ કવિતામાં પણ વિસ્તૃત ફલક પર કામ કર્યું છે.

હરીશ તળ આણંદના વતની છે. જેના નામ પરથી 'આણંદ' નામ પડ્યું છે એ 'આનંદગિરિ' ગોસાંઈ બાવાનો ટેકરો હતો. ત્યાં આજના ટાવર બજાર પાસેની ઊંડી શેરીની ભેખડ માથે નારાયણદેવ મહાદેવ ફળિયામાં આવેલ 'ઈષ્ટદેવ કૃપા'માં આપણા કવિની જિન્દગીનાં અડધાં વર્ષો પસાર થયાં છે. મોટા ભાઈ વાસુદેવભાઈની, ઊંડી શેરીમાં છીંકણીની દુકાન હતી. પિતા કૃષ્ણારામ દવે અને માતા લલિતાબહેન. હરીશ પ્રાથમિક શાળામાં હતા ત્યારે શિક્ષકે 'શિયાળો' નિબંધ લખવા કહેલું. હરીશે સીમવગડામાં વસતાં 'શિયાળ' નામનાં પ્રાણીઓ (બહુવચન 'શિયાળો') વિશે નિબંધ લખેલો. દલપતરામની 'શિયાળે શીતળ વા વાય -' ઋતિકવિતા એમને યાદ નહિ આવી હોય. ભાષા બહુ છેતરામણી હોય છે એનો ખ્યાલ એમને વહેલો આવી ગયેલો, એટલે એ 'પદવિન્યાસ'ના અવનવા પ્રયોગો તરફ મોજપૂર્વક વળી ગયા હશે. વિશિષ્ટ પદવિન્યાસના એ શિષ્ટ કવિ છે.

હરીશ રસાયણશાસ્ત્ર સાથે એમ.એસસી. થયા. નોકરી બૅન્ક ઑફ બરોડામાં. ઘર-પરિવારમાં 'રાધાસ્વામી સંપ્રદાય'નું ચલણ. એ સત્સંગ એમને આજદિન સુધી પ્રેરતો-સંકોરતો રહ્યો છે. કૉલેજનાં વર્ષોથી કવિતા કરતા. વચ્ચે વચ્ચે કવિતાની 'માયા'થી અળગા થવા મથતા. વળી પાછા વેગ સાથે કાવ્યગુચ્છો લઈને સામયિકોમાં પ્રગટતા ને ધ્યાન ખેંચતા. ઉજો અને સુજો - બંનેને હરીશની કવિતામાં રસ હતો. કબીર આદિ સંતો અને સૂફી પરંપરાનો ખાસ્સો અભ્યાસ કરનાર હરીશની કવિતા પ્રકૃતિ અને માનવપ્રકૃતિને પ્રેમ તથા અધ્યાત્મના સંદર્ભે અભિવ્યક્ત કરતી રહી છે.



બૅન્કની એમની ઑફિસને બારણે, નાનકડી તખતીમાં લખેલું રહેતું : શાખાપ્રબંધક : હરીશ દવે. આ 'દવે' કવિતાક્ષેત્રે 'મીનાશ્રુ' કેમ થયા હશે ? એ વાત એ એમના ઘરમાં અ.સૌ.ગીતાબહેનને પણ નથી કહેતા. બૅન્કમાંથી વહેલા નિવૃત્ત થયા - વિશ્વકવિતા વાંચવા અને અનુવાદો કરવા ! છેલ્લા દોઢેક દાયકાથી હરીશ, બાકરોલ-વિદ્યાનગરને સંધિસ્થાને, હરિયાળી ટાઉનશિપમાં ૯, સુમિરનમાં સપરિવાર વસે છે. વૃક્ષવેલીઓથી ઘેરાયેલા એમના ઘરમાં પ્રવેશતાં જ આપણી નજર ઍન્ટિક વસ્તુઓથી સજાવેલા દીવાનખંડમાં જાય, પણ તરત જમણે હાથે આવેલા અભ્યાસખંડમાં આપણે પ્રવેશીએ છીએ. અહીં વિશ્વકવિતાના ગ્રંથો છે, ડિજિટલ વર્લ્ડ છે ને પ્રેરક પ્રશાંતિનો અનુભવ કરાવતી શાંત ઊર્જા પણ છે.

એમના કાવ્યસંચયો છે : ધ્રિબાંગ સુંદર.../તાંદુલ/તામ્બૂલ /સુનો ભાઈ સાધો / પર્જન્યસુક્ત /પદપ્રાંજલિ /વ્હાલેશરીનાં પદો /પંખી પદારથ /નાચિકેતસૂત્ર /બનારસ ડાયરી /શબદમેં જિનકું ખાસ ખબરાં પડી...ને બે અનુવાદ ગ્રંથો !

'બનારસ ડાયરી'ની રચનાઓ કંઈક આ પ્રમાણે છે :

બનારસ ડાયરી : ૧૮ કાવ્યો (પૃ. ૧૩થી ૪૯)

ચન્દ્ર વિશે ચાટૂક્તિઓ : ૧૫ કાવ્યો (પૃ. ૫૦થી ૬૮)

કવિતા વિશે ચાટૂક્તિઓ : ૧૨ કાવ્યો (પૃ. ૭૦થી ૮૨)

માણસો, પેઢીનામું, પુત્રવધૂને, ઊડવા વિશે ઊઘડવા વિશે, ફોબિયા, વાંધાઅરજી, પાછોતરા વરસાદમાં, અત્યારની વાત જુદી છે : (પૃ. ૮૩થી ૧૦૬)

શ્રાદ્ધ : દીર્ઘકાવ્યનો દીર્ઘ - સ્વતંત્ર અંશ (પૃ. ૧૧૧થી ૧૩૩)

આ સંચયમાં મહદંશે ગદ્યકાવ્યો છે. 'શ્રાદ્ધ' અછાંદસ છે. કાવ્યગુચ્છોમાં ક્યાંક ગીત/ લયબદ્ધ રચના ને ઉર્દૂ ગઝલરૂપ પણ ચૂપચાપ બેસી ગયાં છે.

બનારસ ડાયરી(૧૮ કાવ્યો)નાં કાવ્યો દેખીતી રીતે તો એક સળંગ સ્થળકાવ્ય છે પણ એ કેવળ સ્થળકાવ્ય નથી. આ ગુચ્છની કવિતા પણ સ્થળકવિતામાંથી મર્મસ્થળકવિતા રૂપે ઉત્ક્રાંત થાય છે. કવિ પોતે આમ કહીને ઉમેરે છે : ''ઉર્દૂમાં એક ગૂઢ શબ્દ છે : 'લા-મકાં'. 'બનારસ ડાયરી' પણ એ પ્રાચીન નગરીનાં બત્રીસે લક્ષણોના આલંબને એ મુકામની પેલે પારની, સ્થલાતીતની-લા-મકાંની વાત પણ કરવા ચાહે છે. કબીરની પાત્રગત હાજરી ને હરફર એ નગરીનાં બત્રીસલક્ષણા લેખે અત્યંત સહજ અને સ્વાભાવિક છે. ભાષાના ચેતાતંતુઓ દ્વારા અગમ્ય ચૈતસિક અને ચિન્મયને પામવાની મથામણ રૂપે આ શ્રેણીનાં કાવ્યો જોવાં જોઈએ.''

કબીર સાથે કાવ્યનાયકના સંવાદો ઘણા સૂચક છે. આમ હળવા ને તોછડાઈવાળા સંવાદોમાં - બાવન, અહં બ્રહ્માસ્મિ, હોવું, ખોવું-ની માર્મિક વાતો મુકાઈ છે. દા. ત., બનારસ ડાયરી-૩ અને ૪ રચનાઓ. ચોથી રચનામાં કાવ્યનાયકની બર્થડે છે. કબીર હાજર છે ને 'એમના ચહેરા પર, આનંદની વ્યંજનામાં પરિપક્વ બનેલો વિષાદ હતો.' આવા ગૂઢાર્થો સહૃદય ભાવકને જ પમાય. કબીર પ્રશ્ન કરે છે - કાવ્યનાયકને,

'આમ મોટે ઉપાડે ઉજવણી કરવા મંડી પડ્યો, જનમદિનની ?
હોલવાવું કપાવું ને ખવાવું - આ બધું તારી જાતને લાગુ પાડે તો ખરો !'

બીજી અનેક રચનાઓમાં હરીશનું કવિકર્મ-ભાષાકર્મ ભાવકને મૂંઝવે ને ચકિત કરે છે - મથામણને અંતે અર્થ પણ આપે ! એટલે હું ઘણી વાર કહું છું કે હરીશ મીનાશ્રુ 'કવિઓના કવિ' છે. સંચયની છેલ્લી રચના 'શ્રાદ્ધ' - આનું દૃષ્ટાંત છે. કેટકેટલા સંદર્ભોનું વ્યંજનાગર્ભ સરસ આકલન આ કવિની કવિતાને ઊંચી ગુણવત્તા બક્ષે છે.

'બનારસ ડાયરી'નું અર્પણ દીકરાના પરિવારને કર્યું છે - એ પંક્તિઓ પણ કેટલી રોચક ને પ્રાસાદિક છે ! વાંચીએ.

(પ્રિય અનન્યા, સાખી, અમિતા, તીરથને આ વસંતપંચમીએ.)

'વિશ્વ વીતી જશે, મોર બોલ્યા પછી
આ ઋતુ વીતશે જેમ માધુર્યમાં
સર્વ અંતે વસંતે વસો શબ્દથી
અલ્પ થૈ ઓગળ્યો આજ પ્રાચુર્યમાં.'

અઘરી છતાં સહૃદય ભાવકને નિત્ય નિમંત્રતી અને પડખામાં લેવા મથતી કવિતાના કવિને અભિનંદન !

– મણિલાલ હ. પટેલ

તારા આઠ હાથ બચાવી શકશે ?

આ ધરતી નિર્જીવ નથી. એનામાં પૂરેપૂરી સંવેદના છે એટલે એ જખમી પણ થઈ શકે છે. એ અક્ષુણ નથી ને અતૂટ પણ નથી અને તેથી એ તૂટી શકે છે અને ખૂટી પણ શકે છે. આ ધરતી અમર નથી એટલે મૃત્યુ પણ પામી શકે છે. આ ધરતીનો દુરુપયોગ કરશો, એને વિચાર્યા વિના લૂંટવા અને ખોદવા માંડશો, તો એ વિદ્રોહ તો કરશે જ. એણે વિદ્રોહ કરવો જ જોઈએ. એ વાત અલગ છે કે ધરતીની વિદ્રોહ કરવાની રીત અલગ છે. એ પ્રાણ આપીને પણ વિદ્રોહ કરશે.

સમુદ્રમાં આઠ હાથવાળો એક જીવ રહે છે. એનું નામ છે 'ઑક્ટોપસ'. આજે આપણું રોજેરોજ નવું ફૂલતું-ફાલતું બજાર આ ઑક્ટોપસ જેવું થઈ ગયું છે એટલે એને પૂછવું જોઈએ કે 'અરે ઑક્ટોપસ તું જે સમુદ્રમાં રહે છે એમાં શું રોજેરોજ ઝેર ઓકતો રહીશ ? જો પ્રદૂષણ થતું જશે તો પછી એ સમુદ્ર એક દિવસ સાવ સુકાઈ જશે, ત્યારે તારા આ આઠ હાથ તને બચાવી શકશે ?'

– ગોપાલકૃષ્ણ ગાંધી

આપણી 'લેન' નહીં !

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં મનોનિગ્રહનો ઉપાય બતાવતાં ભગવાન અર્જુનને કહે છે : 'હે અર્જુન ! મન ચંચળ છે અને એનો નિગ્રહ અતિકઠિન છે, એમાં સંશય નથી, પરંતુ અભ્યાસ (વારંવારના પ્રયત્નો) અને વૈરાગ્ય વડે મન વશ થાય છે.'

સુપ્રસિદ્ધ હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડના શબ્દોમાં કહું તો 'વૈરાગ્ય' આપણી 'લેન' નહીં, પણ ધ્યાનમાં બેસીને મનોનિગ્રહ કરવાના પ્રયત્નો મેં કર્યા છે. પરંતુ સામાન્ય સંજોગોમાં મારા મનજી મુસાફર સુપરસૉનિક વિમાનમાં ફરે છે, પણ ધ્યાનમાં બેસું છું ત્યારે તો એ અવકાશયાનમાં જ ઊડે છે. કદાચ મનુષ્યમાત્રના મનનો આ સ્વભાવ છે. આનું એક સરસ દૃષ્ટાંત છે :

એક માણસે કોઈ સાધુ-મહાત્માની ખૂબ સેવા કરી. મહાત્મા એની સેવાથી ઘણા પ્રસન્ન થયા. એમણે એ માણસને વરદાન માગવા કહ્યું. પેલાએ કહ્યું, 'હું ઇચ્છું તે થાય એવું વરદાન આપો.' સાધુ મૂંઝાયા. આવું વરદાન કોઈને અપાય નહીં અને પોતાનું વચન પણ મિથ્યા થાય નહીં. શું કરવું ? આખરે એમણે પેલાને ચાર લીટીનો મંત્ર લખી આપ્યો અને કહ્યું, 'સવારે નાહીધોઈ આ મંત્રની એક માળા કરવાની. એક માળા પૂરી થશે એટલે મંત્ર સિદ્ધ થઈ જશે. પછી તું ઇચ્છીશ એ થશે.' પેલો તો રાજી રાજી થઈ ગયો. એને થયું કે આ તો ઘણું સહેલું છે. એકસો આઠ વાર મંત્ર બોલતાં શી વાર લાગવાની ! પણ ગુરુએ આગળ કહ્યું, 'પરંતુ સાંભળ, મંત્રનો જાપ કરતી વખતે કાકાકૌવા યાદ ન આવવો જોઈએ, નહિતર કરેલા જાપ મિથ્યા જશે ને નવેસરથી ગણતરી કરવાની થશે. એક વાર પણ કાકાકૌવા યાદ ન આવે ને માળા પૂરી થાય તો જ મંત્ર સિદ્ધ થશે.' પેલા માણસે જાપ શરૂ કર્યા. પહેલા કલાકમાં જ એ થાકી ગયો. આસન પાથરી, એના પર બેસી, મંત્રનો પહેલો શબ્દ મનમાં ઉચ્ચાર્યો કે એને કાકાકૌવા યાદ આવ્યો ! પછી તો, આવડી ઉંમરમાં જેને એક વાર પણ કાકાકૌવા યાદ નહોતો આવ્યો એને ક્ષણે ક્ષણે કાકાકૌવાનું સ્મરણ થવા લાગ્યું. મારે પણ આવું જ થયું છે. જ્યારે જ્યારે એને સ્થિર કરવાના પ્રયત્ન કર્યા છે ત્યારે ત્યારે એ વધારે ઉત્કટ વેગથી દોડ્યું છે.

— આ પછી જે. કૃષ્ણમૂર્તિ અને ગુર્જિયેફના તત્ત્વજ્ઞાનના એક અભ્યાસી મિત્રે મને કહ્યું, 'મનને સ્થિર કરવાનાં ફાંફાં મારવાં છોડી દો. એને બદલે સહજધ્યાનનો પ્રયોગ કરો. આમાં બીજું કશું નહીં કરવાનું. જે કંઈ કરતા હો એમાં ધ્યાન પરોવવાનું. બ્રશ કરતા હો ત્યારે બ્રશ કરવાનું, ચા પીતી વખતે ચા પીવામાં ને જમતી વખતે જમવામાં ધ્યાન પરોવો. મનોનિગ્રહનો આ સહેલામાં સહેલો માર્ગ છે.' મિત્રની આ વાત સાંભળતી વખતે જ એમની વાતમાં મારું ધ્યાન ન રહ્યું. પરિણામે મિત્રએ આટલી સાદી વાત મને બેત્રણ વાર સમજાવવી પડી.

સહજધ્યાનના પ્રયોગો પછી મને માલૂમ પડ્યું કે આ સહજધ્યાનનો માર્ગ પણ અસહજ માર્ગ જ છે. બ્રશ કરતી વખતે બ્રશ કરવામાં જ ધ્યાન પરોવવાની વાત દેખાય છે એટલી સરળ નથી. મનજીભાઈને બ્રહ્માંડની ટૂર પર જવું હોય ને આપણે એને બ્રશના તાંતણાથી બાંધવા જઈએ તો ક્યાંથી બંધાય ? પહેલે જ દિવસે બ્રશ પર ધ્યાન આપવા ગયો તો પેસ્ટ પર ધ્યાન ન આપી શકાયું. ટૂથપેસ્ટની ટ્યૂબના પદાર્થને બદલે પાસે જ પડેલી શેવિંગ ક્રીમની ટ્યૂબમાંનો પદાર્થ બ્રશ પર પાથરી દંતમંજન આરંભ્યું. મોંમાં કંઈક જુદા જ સ્વાદનો અનુભવ થયો, પણ મને થયું કે રોજ આવા જ સ્વાદનો અનુભવ થતો હશે, પણ મન અહીંતહીં ઊડાઊડ કરતું હોય એટલે ખ્યાલ નહીં આવતો હોય, આજે ધ્યાનપૂર્વક બ્રશ કરું છું એટલે સ્વાદની અનુભૂતિ થઈ. સ્વાદ બહુ સારો નહોતો, પણ ટીવીની એડમાં મહાન ક્રિકેટરો અને મહાન અભિનેતા-અભિનેત્રીઓ જે પેસ્ટ વાપરે છે એ પેસ્ટનો સ્વાદ તો મધુર જ હોય એવું મારી સ્વાદેન્દ્રિયને સમજાવવા પ્રયત્ન કરતો હતો એટલામાં પૌત્રે ટૂથપેસ્ટ માગી. મેં શેવિંગ ક્રીમવાળી ટ્યૂબ આપી એટલે કહે, 'દાદાજી, આ તો તમારી દાઢીએ લગાડવા માટે છે !' જપ કરતી વખતે કાકાકૌવા યાદ નથી કરવાનો એવા સંકલ્પ સાથે જપ આરંભનાર પેલા માણસની પેઠે મને સમજાઈ ગયું કે સહજધ્યાન સહજ નથી - ઓછામાં ઓછું મારા માટે તો સહજ નથી. ફરી શાહબુદ્દીનભાઈનું મનોમન સ્મરણ કરી, હું સ્વગત બોલ્યો, 'વૈરાગ્ય જ નહીં, અભ્યાસ (મનોનિગ્રહના વારંવારના પ્રયત્નો) પણ આપણી 'લેન' નહિ.

આ ફાસ્ટ અને કૉમ્પ્લેક્સ લાઈફમાં મનોનિગ્રહ શેં થાય ? ચા પીતી વખતે ફલાણાના બેસણામાં જવું કે ફલાણાના દીકરાનું વેવિશાળ છે એમાં હાજરી આપવી ? કે બેસણામાં જઈને - પછી સફેદ ઝભ્ભો-લેંઘો બદલી વેવિશાળ-વિધિમાં પણ હાજરી આપવી ?

આવા વિચારે મૂંઝવણ થતી હોય; ઊઠવામાં મોડું થતું હોય ને ઝટપટ સ્નાનવિધિ પતાવવાનો હોય, ત્યાં જલતત્ત્વના સ્પર્શના રોમાંચને માણવામાં મન કેવી રીતે પરોવવું ? જમતી વખતે - ઑફિસની બસ મળશે કે જતી રહેશે ? સાડાનવની બસ પકડવા માટે રિક્ષા તરત મળશે કે નહીં એ વિચારો ચાલતા હોય ત્યારે અત્યારે હું જમતો નથી, પણ જઠરાગ્નિ રૂપે રહેલા પરમાત્માને પ્રસાદ ધરાવી રહ્યો છું એવી ભાવના હૃદયમાં ક્યાંથી જન્મે ? કોઈ વાર તો એક હાથમાં ટેલિફોનનું રિસીવર અને એક હાથમાં કોળિયો ધારણ કરી સવ્યસાચીની ભૂમિકામાં જમવાનું હોય ત્યાં તૂરિયાનું શાક છે કે દૂધીનું એનો ખ્યાલ ક્યાંથી રહે ? બૂટ પહેરતી વખતે મોજાં જડતાં ન હોય, મોજાં શોધતી વખતે મોજાં સિવાયના અનેક અનેક વિચારોનાં મોજાં મનના દ્વારે ધક્કામુક્કી કરતાં હોય એમાં જે મોજાં જડ્યાં છે એ જુદા જુદા રંગનાં છે એવો ખ્યાલ ક્યાંથી રહે ?

સહજધ્યાન તો સિદ્ધ ન થયું, પણ સહજજ્ઞાન લાધ્યું કે આ ફાસ્ટ અને કૉમ્પ્લેક્સ લાઈફમાં સહજધ્યાન સિદ્ધ થવાનું અતિદુષ્કર છે અને છતાં આયૂરની એ છે કે ધ્યાન સિદ્ધ કરવાની આવશ્યકતા મનુષ્યને ક્યારેય નહોતી એટલી આજની આ ફાસ્ટ અને કૉમ્પ્લેક્સ લાઈફમાં છે !

– રતિલાલ બોરીસાગર

અદ્વિતીય અશ્વિન

ભારતીય ક્રિકેટના વિશ્વસ્તરના અગ્રગણ્ય ઑફસ્પિનરની વાત કરીએ તો ગુલામ એહમદ, પ્રસન્ના, વેંકટરાઘવન અને આર. અશ્વિન યાદ આવે. આ ગોલંદાજોમાં અશ્વિન એવા એકમાત્ર ઑફસ્પિનર છે કે જેઓ ટી-૨૦ ક્રિકેટમાંથી મળેલી પ્રતિભા છે. તે સિવાયના તમામ ઑફસ્પિનર પ્રથમ કક્ષા(ફર્સ્ટ ક્લાસ)નું ક્રિકેટ ખેલીને આગળ આવ્યા છે. એમ માનવામાં આવે છે કે ટી-૨૦ ક્રિકેટ ટેસ્ટક્રિકેટ માટેના કસબને નષ્ટ કરી નાખે છે. આ બહુવ્યાપી સિદ્ધાંતને અશ્વિને સંપૂર્ણ રીતે ખોટો સાબિત કર્યો છે. લાલ દડાના ક્રિકેટમાં શેન વૉર્ન અને મુરલીધરનની ટૅક્ટિકની દૃષ્ટિએ એણે બરાબરી કરી છે. મોટે ભાગે ઑફસ્પિનર ઑફસ્પિન અને સ્ટ્રેટ બૉલ નાખે છે. આની સાથે સ્પિન, ફ્લાઇટ અને ટ્રેજેક્ટરીમાં તેઓ પરિવર્તન કરતા હોય છે. અશ્વિન વિશ્વનો એકમાત્ર ઑફસ્પિનર છે, જે ઑફસ્પિન ઉપરાંત 'લેગસ્પિન' અને 'કૅરમબૉલ' નાખીને બૅટ્સમૅનને ચોંકાવી દે છે અને બૅટ્સમૅન પોતાની વિકેટ ગુમાવી બેસે છે.

ગોલંદાજી કરતી વખતે અશ્વિન ક્રીઝનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. સ્ટમ્પની નજીકથી અને ક્રીઝના છેડેથી બૉલિંગ કરીને ઍંગલમાં પરિવર્તન લાવે છે. આ ઉપરાંત એની ગોલંદાજીની વિશેષતા એ છે કે દડો નાખતી વખતે એનો 'રિલીઝ પૉઇન્ટ' જુદો જુદો હોય છે. વળી એ ફ્લાઇટ અને સ્પિનમાં પણ પરિવર્તન લાવે છે. સરપ્રાઇઝ બૉલ તરીકે સ્પિન કે ફ્લાઇટ વગર સીધો બૉલ પણ નાખે છે. આ તમામ પરિવર્તન બૅટ્સમૅનની સમજની બહાર હોય છે, કારણ કે નખાતા દડાને વિચારીને સમજવાની કોશિશ કરે છે, ત્યાં સુધીમાં તો દડાએ પોતાનું કામ પૂર્ણ કરી દીધું હોય છે. એની ગોલંદાજીમાં આટલા સતત અને ઝડપી પરિવર્તનના કારણે અશ્વિન એક ઓવરમાં સતત બે દડા ભાગ્યે જ એકસરખા નાખે છે. સામાન્ય રીતે સ્પિનરોની સરખામણીમાં અશ્વિનની દડાની ઝડપ વધુ છે. કલાકના ૯૨ કિલોમીટર સુધી એની ગોલંદાજીની ઝડપ હોય છે. આરંભમાં તેઓ ૮૫થી ૯૦ કિલોમીટરની ઝડપે બૉલ નાખે છે, આમ છતાં તેઓ બૉલને 'ડીપ' આપીને સરસ રીતે સ્પિન કરે છે. બૅટ્સમૅનનાં મજબૂત તેમજ નબળાં પાસાં, પીચની પરિસ્થિતિ, મૅચની પરિસ્થિતિ, ટીમની તેમના પ્રત્યેની અપેક્ષા - આ તમામ બાબતોનું એક સરસ મિશ્રણ કરીને અશ્વિન પોતાની ગોલંદાજીનું આયોજન કરે છે.

અશ્વિન લેગ સ્ટમ્પ અને તેની બહાર 'યૉર્કર' નાખીને પણ બૅટ્સમૅનને 'ફૂટવર્ક'માં માત કરી શકે છે. આ જ ગોલંદાજે તાજેતરમાં જ સંપન્ન થયેલ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ સામેની શ્રેણીમાં સ્ટીવ સ્મિથ, લબુસરણને, જૉ રૂટ, બૅન સ્ટોક્સ જેવા બૅટ્સમૅનોને અતિ લાચારીભરી પરિસ્થિતિમાં મૂકી દીધા હતા.

અશ્વિન પોતાની બૉલિંગ માટે વિશિષ્ટ પ્રકારની યોજના કે નવી વ્યૂહરચના અમલમાં મૂકવાનો વિચાર કરે ત્યારે કૅપ્ટન, વિકેટકીપર અને ફિલ્ડરો સાથે આ અંગેની વાત

કરે છે અને પછી જરૂર પ્રમાણે ફિલ્ડિંગમાં પણ પરિવર્તન કરે છે. અત્યારે અશ્વિને મુરલીધરન અને શેન વૉર્નના જેટલી વિકેટો ટેસ્ટક્રિકેટમાં નથી લીધી, પરંતુ અશ્વિન જેટલી ટેસ્ટમૅચ રમ્યો છે એટલી ટેસ્ટમાં મુરલીધરન અને વૉર્નની વિકેટ લેવાની સંખ્યામાં સરખામણી કરીએ અને 'ઇકૉનૉમી રેટ' ધ્યાનમાં લઈએ તો આ ત્રણે બૉલરો લગભગ સરખા જ છે. અશ્વિનની પ્રથમ કક્ષાના ક્રિકેટની શરૂઆત ઈ. સ. ૨૦૦૬માં થઈ હતી. પ્રારંભિક સફળતા બાદ ચેન્નાઈ સુપર કિંગની ટીમમાંથી આઇપીએલમાં અશ્વિનને ડ્રૉપ કરવામાં આવ્યો હતો, પરંતુ અથાગ મહેનત અને સતત વિચારશીલ તથા નવીનતાનો આગ્રહી એવા અશ્વિને ઝડપથી ટીમમાં પુનરાગમન કર્યું. અશ્વિન એક એવો ગોલંદાજ છે કે તેણે ક્રિકેટના તમામ ફૉર્મેટમાં સફળતા મેળવી છે. અશ્વિનની બૅટિંગનો વિચાર કરીએ તો ટેસ્ટક્રિકેટમાં વિકટ પરિસ્થિતિમાં લાંબા સમય સુધી ક્રીઝ પર રહીને સિનિયર બૅટ્સમૅનને સ્ટૅન્ડ આપીને મોટી ભાગીદારી કરી શકે છે. આ રીતે એણે મૅચને ડ્રૉ કરવામાં અથવા મૅચમાં વિજય અપાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એ લૉફટેડ શૉટ્સ કે અન્ય શૉટ્સ રમીને ઝડપી બૅટિંગ કરી શકે છે. અશ્વિન પેસ અને સ્પિન બૉલરોને આસાનીથી રમી શકે છે અને પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે.

પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક, નેથન લાસન, જિમી એન્ડરસન, સ્ટુઅર્ટ બ્રૉડ, લીન્ચ, બેસ અને માર્ક વુડ, બૅન સ્ટોક્સ જેવા બૉલરો સામે જુદા જુદા પ્રકારની પીચ ઉપર રમીને તેણે બૅટ્સમૅન તરીકે સફળતા પ્રાપ્ત કરી છે.

ગોલંદાજ તરીકે અશ્વિનની બીજી એક વિશેષતા એ છે કે તે કોઈ પણ પ્રકારની પીચ પર ગોલંદાજી કરીને વિકેટો પ્રાપ્ત કરી શકે છે. સ્પિન લેતી વિકેટ હોય ત્યારે કાળા 'પેચ' (ધાબા) અને 'ક્રેક્સ' ઉપર સ્પિનર જ્યારે દડાને પીચ પાડે છે, ત્યારે દડો અણધારી કે આશ્ચર્યજનક રીતે 'વર્તન કરતો' હોય છે. અશ્વિનની વિશેષતા એ છે કે આ 'સ્કીલ' ઉપરાંત 'પેચ' કે 'ક્રેક્સ' સિવાય ધૂળના ભાગ ઉપર પીચ પાડીને પણ દડાને સ્પિન કરી શકે છે. ફાસ્ટ બૉલરને મદદરૂપ એવી પીચ ઉપર પણ અશ્વિન સફળતા મેળવી શકે છે.

તાજેતરમાં અશ્વિને 'મીડિયા'ને પણ સચોટ અને સત્યથી ભરપૂર તેમજ ટૅક્નિકયુક્ત' જવાબો આપીને ધારી અસર ઉપજાવવાની કળા પ્રાપ્ત કરી છે.

(અનુસંધાન ૨૨મા પાને)

એક કાવ્ય માટે છ મહિના



શ્રી નિરંજન ભગત

એક વાર કેટલાક મિત્રો ભગતસાહેબ(શ્રી નિરંજન ભગત) સાથે વિદેશી સાહિત્યની વાતો કરતા બેઠા હતા. જગતનાં મહાકાવ્યોની વાત નીકળી. અચાનક મને એ સમયે જ બનેલો એક પ્રસંગ યાદ આવ્યો. મેં એ વાત ભગતસાહેબને કરી, ત્યારે મારી પુત્રી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અંગ્રેજી વિષય સાથે અભ્યાસ કરતી હતી. તેને મિલ્ટનનું એક સૉનેટ 'ઑન હિસ બ્લાઇન્ડનેસ' વર્ગમાં બરોબર સમજાયું નહિ હોય એટલે ઘેર આવતાં જ મને સમજાવવા માટે કહ્યું. હું તો વિજ્ઞાનનો વિદ્યાર્થી, પણ સાહિત્યમાં ગળાડૂબ રહેતો. હું ભણતો હતો ત્યારે મિલ્ટનનો કાવ્યસંગ્રહ ખરીદ્યો ને ખોલતાં જ આ સૉનેટ વાંચ્યું હતું. મારા મનમાં બરોબર વસી ગયેલું. મારા પિતાજીએ મોટી વયે દૃષ્ટિ ગુમાવી દીધી હતી એટલે મેં એ કાવ્ય ખૂબ રસથી વાંચ્યું હતું. સ્વયં જહોન મિલ્ટન પણ પ્રજ્ઞાચક્ષુ હતા. મેં તરત જ મારી લાઇબ્રેરીમાંથી એ પુસ્તક શોધીને એ કાવ્ય સમજાવ્યું.

આ વાત સાંભળીને ભગતસાહેબે કહ્યું કે, પોતે જ્યારે અધ્યાપન કરતી વખતે આ કાવ્ય કૉલેજમાં ભણાવતા હતા ત્યારે એક વાર આ એક સૉનેટ છ મહિના ભણાવ્યું હતું ! સાહેબનો મિજાજ જાણવા છતાં મારાથી જરા આશ્ચર્યથી અને રોમાંચથી પ્રશ્ન પુછાઈ ગયો. 'ચૌદ પંક્તિનું આ કાવ્ય સાહેબ તમે છ મહિના સુધી ભણાવ્યું ?'

એમની લાક્ષણિક મુદ્રામાં તેઓ બોલ્યા કે એ વાત છેક પ્રિન્સિપાલ સુધી પહોંચી હતી, પણ એમને ખ્યાલ ના હોય ને કે આ ચૌદ પંક્તિ ભણાવતાં ભણાવતાં મેં 'પૅરેડાઇઝ લૉસ્ટ' અને 'પૅરેડાઇઝ રિગેઇન્ડ' સહિત આખો મિલ્ટન ભણાવી દીધો હતો. મનોમન મને થયું કે કાશ, તે વખતે સાહેબનો હું વિદ્યાર્થી હોત તો !

ભગતસાહેબ સાહિત્યની વાત કરતા કરતા મોટે ભાગે સ્થળકાળ ભૂલી જતા.

★

ભગતસાહેબ છેલ્લા સમયમાં ક્યારેક વક્તવ્ય લખીને જ લાવતા જેથી સમયસર પૂરું થાય. પણ વાંચતાં આંખો બહુ ખેંચાતી એટલે ટેબલલૅમ્પ રાખવો પડતો. એક વાર રવીન્દ્રસાહિત્ય પરનું વક્તવ્ય આપવાનું હતું. તેઓ વક્તવ્ય લેખિત લાવ્યા હતા. વાંચવાનું શરૂ કરતાં પહેલાં કહે કે આજે ચશ્માં ભૂલી ગયો છું એટલે થોડીક મુશ્કેલી પડશે. ટેબલલૅમ્પ હતો પણ ચશ્માં વગર આંખો ખેંચી ખેંચીને, કાગળ આંખ નજીક લાવી અટકી અટકીને વક્તવ્ય પૂરું કર્યું. ભગતસાહેબનો જે અસલ રણકો હતો, તે

(અનુસંધાન ૨૨મા પાને)

માંગલ્યદૃષ્ટિનું અભિવાદન

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રારંભકાળથી એની વિદ્યા-પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અને સંસ્થાના શુભેચ્છક ડૉ. ચંદ્રકાન્ત મહેતાને ઈ. સ. ૨૦૨૧ના પ્રજાસત્તાક દિવસે ભારત સરકાર દ્વારા પદ્મશ્રીનો ઍવૉર્ડ એનાયત થયો છે. એક સમયે વિશ્વકોશ રચનાની પ્રવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીએ શરૂ કરી ત્યારે ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં પરામર્શક તરીકે એમણે કામગીરી બજાવી હતી. એ પછી એમણે ગુજરાતી વિશ્વકોશમાં હિંદી સાહિત્ય તથા ધર્મ અને સંસ્કૃતિ વિશેનાં અધિકરણો લખ્યાં છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના કર્મયોગને પોતાના જીવનની પ્રવૃત્તિઓમાં સાકાર કરનાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ જીવનના પ્રારંભે ઘણી આર્થિક સંકડાશ અનુભવી હતી. જિંદગીની આકરી તાવણીમાંથી બહાર આવનાર મોટે ભાગે જિંદગી પ્રત્યે કટુતા કે તિરસ્કાર ધરાવતા હોય છે, જ્યારે ચંદ્રકાન્તભાઈએ આ ઘટનામાંથી અમૃતનું આચમન કર્યું અને મનોમન સંકલ્પ કર્યો કે હું સ્વાવલંબી બનીશ, એટલું જ નહીં, પણ જીવનમાં બીજાનાં આંસુ લૂછવા પ્રયત્ન કરીશ.

એમના ભાવનાજગતમાં માંગલ્યનું માધુર્ય પ્રગટ થયું. તેનું ખરું સિંચન સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ વિદ્વાન આચાર્ય નટવરલાલ યાજ્ઞિકે કર્યું. આચાર્યશ્રી નટવરલાલ યાજ્ઞિક પાસેથી ધર્મની ઉદાત્ત ભાવનાનું આચમન કર્યું, એનું પરિણામ એ આવ્યું કે આજે પણ ડૉ. ચંદ્રકાન્ત મહેતાનાં વ્યાખ્યાનોમાં 'ઉપનિષદ' કે 'ભગવદ્ગીતા' જેવા ગ્રંથોનાં અવતરણો આપોઆપ પ્રગટતાં હોય છે.

નવગુજરાત કૉલેજમાં એમના સાથી અધ્યાપક તરીકે તથા નવગુજરાત મલ્ટિકોર્સમાં એમની સાથે કામગીરી કરવાની તક મળી. નવગુજરાત કૉલેજની એક ઘટનાનું સ્મરણ થાય છે : ઈ. સ. ૧૯૭૧ની સાલ. એ સમયની સ્ટાફરૂમની આગળ પોતાના રાજીનામાની અરજી લઈને સોમાભાઈ મૂળાભાઈ પરમાર નામનો વિદ્યાર્થી ઊભો હતો. એના પગમાં પગરખાં નહોતાં, વસ્ત્રો મેલાં-ઘેલાં હતાં અને એમાંય એ કૉલેજ છોડી દેવાનો વિચાર કરતો હતો. બનાસકાંઠાના થરાદ ગામના મૂળ વતની સોમાભાઈ પરમારની અરજી વાંચીને ચંદ્રકાન્તભાઈએ કહ્યું કે, હમણાં કૉલેજ છોડવાની ઉતાવળ કરતો નહીં. સાંજે મારા ઘરે આવજે. એ સમયે ભદ્ર વિસ્તારમાં રહેતા ચંદ્રકાન્તભાઈને ઘેર એ ગયો અને એણે કહ્યું કે મારા ૭૮ વર્ષના પિતાને બનાસકાંઠાના એક નાનકડા ગામમાં મજૂરી કરવી પડે છે. હું કેવો અભાગી કપૂત કે ૭૮ વર્ષે બાપને કડકડતી ઠંડીમાં અને બળબળતી ગરમીમાં કે પછી મુશળધાર વરસાદમાં તનતોડ મહેનત કરવી પડે છે ! ચંદ્રકાન્તભાઈએ કહ્યું કે તને એક સ્કૂલમાં પટાવાળાની નોકરી અપાવું છું, પણ શરત

એટલી કે આ નોકરીની સાથે તારે આગળ વધુ અભ્યાસ કરવો પડશે. સોમાભાઈ નવગુજરાતમાં અભ્યાસ કરે અને નિશાળમાં પટાવાળાની પૂર્ણ સમયની નોકરી કરે. એ છોકરો નવગુજરાતમાં પ્રથમ નંબરે તો આવ્યો જ, પરંતુ યુનિવર્સિટી પરીક્ષામાં પણ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો.

એ સમયની ચંદ્રકાન્તભાઈની મનઃસ્થિતિનો વિચાર કરું છું, ત્યારે એમ લાગતું કે સોમાભાઈના પિતાને સુખી કરવાનું સ્વપ્ન એ જાણે ચંદ્રકાન્ત મહેતાનું સ્વપ્ન બની ગયું હોય. ડૉ. ચંદ્રકાન્ત મહેતા ઘણી વાર કહે કે આઠ વર્ષની ઉંમરે કાકા નહીં, ફોઈ નહીં, ફુઆ નહીં, બીજા કોઈ સ્વજન નહીં અને બધું એકલે હાથે કર્યું. પરિવારની જવાબદારી સંભાળી, માતાની સેવા કરી. સંઘર્ષ ખેડ્યા. સંઘર્ષ પણ કેવો ? માસિક પચીસ રૂપિયાના પગારે બાળમંદિરના શિક્ષક તરીકે પહેલી નોકરી કરી. એ પછી બાણું રૂપિયાના પગારે મ્યુનિસિપલ શિક્ષક તરીકેની કામગીરી બજાવી અને ત્યારબાદ ૧૧૦ રૂપિયાના પગારે હાઈસ્કૂલમાં નોકરી કરી. આ સંઘર્ષ એ જેવોતેવો સંઘર્ષ નહોતો, કારણ એટલું જ કે એ સંઘર્ષ અનુભવનાર પાસે એવું વિશાળ દિલ હતું કે જેને પરિણામે કોઈ ઝાઝી બચત રહેતી નહીં. પોતાની માતા તરફનો એમનો એટલો બધો ભાવ હતો કે માની જીવનભર જાળવણી કરી. એની સેવાશુશ્રૂષા અને સારવાર માટે હજારો રૂપિયાનો ખર્ચ કર્યો. સવારે એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરવા જાય, અગિયાર વાગ્યે નોકરી શરૂ થાય અને તે પૂર્ણ કરી સાંજે ટ્યૂશન કરે. એમની વ્યવસ્થાશક્તિનો લાભ નવગુજરાત મલ્ટીકોર્સને મળ્યો અને હીરામણિ વિદ્યાસંકુલને પણ સાંપડ્યો. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે એમણે વિરોધી વાતાવરણ વચ્ચે પણ નવી કેડી કંડારવાનો પ્રયાસ કર્યો હતો.

આવા ચંદ્રકાન્તભાઈનું ગુજરાતી સાહિત્યમાં આગવું પ્રદાન રહ્યું છે. એમનાં પુસ્તકોમાં નવલિકાસંગ્રહ, નિબંધસંગ્રહ, ચિંતનાત્મક લેખસંગ્રહ, બાળસાહિત્યનાં પુસ્તકો અને સમૂહ-માધ્યમનાં પુસ્તકો મળે છે. ગુજરાતીની સાથોસાથ હિંદીમાં એમનાં પુસ્તકોએ આગવી પ્રતિષ્ઠા મેળવી છે. સમૂહમાધ્યમના ક્ષેત્રમાં એમનું પાયાનું કામ છે. ગુજરાતીમાં યાસીન દલાલ અને ચંદ્રકાન્ત મહેતા - એ બે નામો એવાં છે કે જેમણે આ નવા ક્ષેત્રથી ગુજરાતને વાકેફ કર્યું, એટલું જ નહીં, પણ એ વિષયમાં પુસ્તકો તૈયાર કરીને તેમજ એનું વ્યાવસાયિક શિક્ષણ આપીને વિદ્યાર્થીઓની એક પેઢી તૈયાર કરી. ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ ગુજરાતીમાં ૧૨૪, હિંદીમાં ૨૭ અને અંગ્રેજી તથા પ્રાકૃતમાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. 'ગુજરાત સમાચાર'માં આવતી એમની કૉલમ 'કેમ છે દોસ્ત ?' માનવજીવનનું માંગલ્ય દર્શન કરાવે છે તો 'એક જ દે ચિનગારી' અને 'ગુફતેગુ' કૉલમ છેલ્લાં ૪૪ વર્ષથી નિયમિત રૂપે પ્રગટ થતી રહી છે, જેના દ્વારા જીવનની ઊજળી બાજુને આલેખવાનો યત્ન કરે છે. એમના કર્મયોગમાં અને જીવનયોગમાં સર્વત્ર મૈત્રી અને માંગલ્યની મહેક પ્રસરતી રહી છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એમના આ પરમ સ્વજનને એમની આવી યશસ્વી સિદ્ધિ બદલ અભિનંદન આપે છે.

– કુમારપાળ દેસાઈ

અડધી રાતે, દુનિયાના છેડે, સાવ એકલા

'ચાલો, તમારે બહાર નીકળવું પડશે, સ્ટેશન હવે બંધ કરવાનું છે !' - આદેશ અમારે માટે અણધાર્યો હતો. સ્વીડનના બોડેન સ્ટેશને ઊતર્યા પછી હજી તો હમણાં જ ખ્યાલ આવ્યો હતો કે, અહીં ઊતરીને અમે ભૂલ કરી હતી. નૉર્વેના લોફોટેન નામના દ્વીપસમૂહ પર ફર્યા પછી અમારે ફિનલૅન્ડમાં ઉત્તરધ્રુવવૃત્તની રેખાથી પણ ૨૦૦ માઈલ ઉત્તરસ્થિત પાહિયા તુન્તુરી નામના સ્થળે પહોંચવાનું હતું. અને તે માટે ત્રણ રિબનને એક છેડેથી મુઠ્ઠીમાં પકડી હોય ને ત્રણેયના સામેના છેડા ફરકતા મૂક્યા હોય, તેવી રીતે ગોઠવાયેલા ત્રણ દેશો - નૉર્વે, સ્વીડન અને ફિનલૅન્ડની સરહદો અમારે વારાફરતી ઓળંગવાની હતી. તે સમયે ઈન્ટરનેટની મદદ હાથવગી નહોતી. તકલીફો વેઠવાની તો અમારી તૈયારી હતી, પણ એ રાત ભયાનક રીતે યાદગાર થઈ જશે, એની કલ્પના માત્ર પણ નહોતી. જ્યારે ખબર પડી કે, કાલ સવાર સુધી કોઈ ટ્રેન મળવાની નહોતી અને હજી અમે વિચારતાં જ હતાં કે, બોડેનમાં કોઈ હોટેલ શોધવા જઈએ કે પછી સ્ટેશનમાં રાત વિતાવી નાખીએ ? ત્યાં સ્ટેશનમાસ્તરે અમારી મુશ્કેલી સરળ કરી આપી ! એ મહાશય તો અમને બહાર રઝળતાં મૂકી, સ્ટેશનને તાળું મારીને ચાલ્યા ગયા !

રાતના સાડાદસ વાગ્યા હતા. ઉત્તર ગોળાર્ધનું ઊજળું અંધારું ઘેરાવા લાગ્યું હતું ને અમે બિસ્તરા-પોટલાં સાથે સ્ટેશનની બહાર નિરાધાર ઊભાં હતાં ! રાજીવ અને જયેશભાઈ હોટેલ શોધવા નીકળ્યા, જ્યારે સોનલ અને હું સામાન સાચવતાં ત્યાં જ રોકાયાં. બોડોમાં સોપો પડી ગયો હતો. ઝીણી ઝરમર વરસવાની શરૂ થઈ ગઈ. દૂર સુધી કોઈ માણસ કે વાહન દેખાતું નહોતું. સ્ટેશનના નામે જૂની ઢબના બંગલા જેવું મકાન હતું. એના ઢળતા છાપરાની ભીંતથી લંબાતા સાવ ટૂંકા છજા સિવાય બીજો કોઈ આશરો નહોતો. વરસાદથી બચવા અમે ભીંતની ચપોચપ ઊભાં હતાં, ત્યાં જ એક ગાડી ફુલસ્પીડમાં ટર્ન લેતી સ્ટેશન સામેના પાર્કિંગ લૉટમાં આવીને બ્રેકના ચિત્કાર સાથે ઊભી રહી. કારનાં બારણાં ફટાફટ ખૂલ્યાં, ને એમાંથી હાથમાં લિકરના કૅન સાથે લડખડાતા ત્રણ દારૂડિયા ઊતર્યા. અમારું હૃદય એકાદ થડકારો ચૂકી ગયું, ને પછી ઝડપથી ધડકવા લાગ્યું. જો કોઈ હુમલો થાય તો, દોડી જઈને કે બૂમો પાડીને કોઈની મદદ માગી શકાય એવી કોઈ વસ્તીનો અણસાર દૂર દૂર સુધી વર્તાતો ન હતો. ભીંતને વધુ ચીપકીને સંતાવા કોશિશ કરતાં અમે શ્વાસ રોકીને ઊભાં રહ્યાં. દારૂડિયા જોરજોરથી બરાડા પાડતા અર્થ વગરનું હસતા હતા. સદ્‌ભાગ્યે એમની પીઠ અમારા તરફ હતી, ને એમણે અમને હજી જોયા નહોતા. વરસાદ જરા વધ્યો, એટલે થોડી વાર એમ જ દેકારો મચાવીને એ ત્રણેય રવાના થયા. કાર નીકળી, ત્યારે અમને એવી શંકા ગઈ કે કદાચ કોઈ એકે અમને જોયાં હશે. એ લોકો ફરી આવી ચડશે, એ બીકે અમે સતત ફફડતાં રહ્યાં. આશરે ચાળીસેક મિનિટે અમારા મહાનુભાવો પાછા ફર્યા ત્યારે એમની

બોડેનનું રેલવેસ્ટેશન

પાસે જરાય સારા સમાચાર નહોતા. કોઈ હોટેલ અમને આશરો આપવા તૈયાર નહોતી. એ લોકો ખાલી એટલી માહિતી લાવી શક્યા હતા કે, રાત્રે બાર પછી લુલિયા જતી એક બસ આવશે. ચાલ્યો ગયેલો વરસાદ સ્ટેશનના ઓટલાને ભીનો મૂકી ગયો હતો, એટલે અમારે ફરજિયાત 'ઊભો શનિવાર' કરવાનો હતો.

દોઢેક કલાકની પ્રતીક્ષાને અંતે બસની મંગલ ઘરઘરાટી સંભળાઈ. કોઈ વાહનનો અવાજ ક્યારેય આટલો મધુર લાગ્યો નહોતો ! નવાઈની વાત એ હતી કે, એ બસનો ડ્રાઈવર આપણાં જેવી ચામડીનો હતો. અમને જોઈને એ બસમાંથી નીચે ઊતરી આવ્યો, ને પૂછવા લાગ્યો કે, 'આટલી રાતે, સ્વીડનના છેક છેવાડાના સ્ટેશને તમે શું કરી રહ્યાં છો ?' અમે અમારી કહાણી ટૂંકમાં કહી, ત્યારે એ શ્રીલંકન સજ્જને ખૂબ આત્મીયતાથી સમજાવ્યું કે, 'ખરેખર તો તમે બોડેન ઊતરવાને બદલે એ જ ટ્રેનમાં લુલિયા પહોંચી ગયાં હોત તો અત્યારે રોવાનિએમી લઈ જતી ટ્રેનમાં હોત.' એણે એય સમજાવ્યું કે, 'લુલિયાથી પણ આગળ જવાનું સાધન તો સવારે જ મળશે પણ લુલિયામાં બોડેન જેવો સૂનકાર નહીં હોય.'

એકાદ કલાકમાં અમે લુલિયા પહોંચ્યાં. ત્યાં પણ બસઅડ્ડાના મુખ્ય મકાનને તાળું મારેલું હતું. ચારેકોર લાઈનસર સમાંતરે અનેક ખુલ્લાં પ્લૅટફૉર્મ હતાં અને આખાય ડેપોમાં ચકલુંય ફરકતું નહોતું. અમને તરત સમજાઈ ગયું કે, અમે ઊલમાંથી ચૂલમાં પડ્યાં હતાં ! ફેર માત્ર એટલો હતો કે, પાછલી રાતે પણ લોકોની પાંખી ચહલપહલ હતી અને અહીં ઊભા રહેવાનું ફરજિયાત નહોતું. રાત જામતાં ઠંડી અને પવનનું જોર પણ વધતું ગયું. બસસ્ટૉપની હારને ચીરતો એ બેરહેમીથી અમારાં શરીરને વીંધી રહ્યો હતો. થોડી ગડમથલ પછી એક ખૂણામાં આડશ શોધીને અમે અશ્વમેધ યજ્ઞના ઘોડાને પલાણ્યો. જમીન પર પસ્તી પાથરી, સામે બૅગો ગોઠવી પવન સામે ઢાલ ધરી, પછી પગ લંબાવીને આરામ ફરમાવવા બેઠાં ! અમારી પાસે હવે સમય જ સમય હતો, જેને મસ્તીથી પસાર કરવા અંતકડી માંડી અને ભૂલી જ ગયાં કે અડધી રાતે દુનિયાના છેવાડાના સ્થળે, અમે રસ્તા ઉપર નિરાધાર બેઠાં હતાં !

'તમને ટૅક્સી જોઈએ છે કે ?' કોઈના નમ્રતાભર્યા અવાજે અમારું ધ્યાન તૂટ્યું. અમે પૂછ્યું, 'તમારી ટૅક્સી સ્વીડનની સરહદ પાર ફિનલૅન્ડના એવા કોઈ સ્થળે લઈ જઈ શકે, જ્યાંથી અમને રોવાનિએમી જવાનું સાધન મળી રહે ?' 'હા, હું તમને કેમી નામના સ્થળે મૂકી જઈ શકું.' મૃદુ સ્વરમાં જવાબ મળ્યો. 'કેટલું દૂર છે કેમી ? અને ભાડાના કેટલા પૈસા થાય ?' અમે અધીરા થઈને પૂછી નાખ્યું. કેમી ૨૦૦ કિલોમીટર દૂર હતું, ને ટૅક્સીભાડું આશરે ચૌદ હજાર રૂપિયા ! અમે અંતકડી ચાલુ રાખવાનો નિર્ણય જાહેર કરી, ટૅક્સીવાળાને રજા આપી. ટૅક્સીવાળો અમારા કરતાં વધારે બુદ્ધિમાન હતો. જતાં જતાં પોતાનું કાર્ડ આપતો ગયો, ને કહેતો ગયો, 'આ રાખો. જરૂર પડે તો વિના સંકોચે મને બોલાવી લેજો.' ડ્રાઇવરના ગયા પછી એકાદ કલાક અંતકડી રમીને અમે થાક્યાં. આંખોમાં ઊંઘ ઘેરાઈ રહી હતી. અનિશ્ચિતતા હવે અસહ્ય બની રહી હતી. રાતના ત્રણ વાગ્યે અમે સેલફોન ઘુમાવ્યો. 'સર, વી નીડ એ ટૅક્સી. વૂડ યૂ પીક અસ અપ ?' દસ મિનિટમાં ટૅક્સી હાજર થઈ ગઈ. જોતજોતામાં અમારી ગાડી કેમી તરફ જતા હાઈ-વે પર ઊડવા લાગી.

કેમી લઈ જતો રસ્તો દર્શનીય હશે,પણ એને માણવાની તાકાત અમારામાં બચી નહોતી. છેક કેમીના રેલવેસ્ટેશને પહોંચ્યાં, ત્યારે ડ્રાઇવરે અમને ઉઠાડ્યાં. ઊપડવાનું સિગ્નલ બતાવવાની તૈયારી કરતા ગાર્ડને અમે પૂછ્યું કે આ ગાડી ક્યાં જશે ? 'રોવાનિએમી થઈને કૅમીજાર્વી સુધી. બેસવું હોય તો જલદી કરજો.' ઉતાવળે સામાન અંદર ફેંકતાં અમે ટ્રેન પકડી.

– ભારતી રાણે

(૧૬મા પાનાનું ચાલુ)

આમ ક્રિકેટના દરેક ક્ષેત્રમાં, પ્રત્યેક પરિસ્થિતિમાં અસરકારક અને શ્રેષ્ઠ યોગદાન સાથે એણે ક્રિકેટના તમામ ફૉર્મેટમાં અને તમામ પીચ પર ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે, આથી ટીમના કૅપ્ટનને માટે અશ્વિન એક 'મોટી મૂડી' સમાન છે. કોઈ પણ ટીમના કૅપ્ટનને અશ્વિન પોતાની ટીમમાં હોય તેની હંમેશાં આતુરતા હોય છે.

ઑલરાઉન્ડર તરીકેની સફળતા, સંઘભાવના તેમજ હંમેશાં ટીમને મદદ કરવાની તત્પરતા ધરાવતા અશ્વિનને અન્ય ખેલાડીની સરખામણીમાં બહુ ઓછી પ્રસિદ્ધિ કે નામના મળી છે તે હકીકત છે.

– સુધીર તલાટી

(૧૭મા પાનાનું ચાલુ)

જોવા ન મળ્યો. પણ વક્તવ્યના અંતે એમને ખબર પડી કે ચશ્માં એમના ખિસ્સામાં જ હતાં, પણ સાથે લાવ્યા છે તે ભૂલી જ ગયા હતા ! અને ચશ્માં ખિસ્સામાંથી કાઢીને પહેર્યાં. આ કહેતાં કહેતાં ખડખડાટ હસી પડ્યા. હા, એ હાસ્યમાં અસલ ભગતસાહેબ હતા.

– રાજેન્દ્ર પટેલ

કાગચોથ

ફરી એક વખત આ વાસંતી વાયરાના ખુશનુમા માહોલમાં કાગના ફળિયે અસ્ખલિત રીતે મહોરતી કાગચેતનાનું વંદન ૧૭ માર્ચ, ૨૦૨૧ના ધન્ય દિવસે (ફાગણ સુદ-૪) યોજવામાં આવ્યું. મોરારીબાપુએ તે દિવસનું નામાભિધાન 'કાગચોથ' તરીકે કરેલું છે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને કાગપરિવારે તેનું આયોજન મર્યાદિત મહેમાનોની ઉપસ્થિતિમાં કરવા નિર્ણય કર્યો હતો.

દરેક વર્ષની માફક આ વર્ષે પણ સાહિત્યના કેટલાક નામી ઉપાસકોને 'કાગ ઍવૉર્ડ' અર્પણ કરવામાં આવ્યા હતા. છેલ્લાં ૨૧ વર્ષોથી મોરારિબાપુની હૂંફ તથા કાગ-પરિવારના સ્નેહભર્યા નિમંત્રણથી કવિની ચેતનાને વંદન કરવાનો આ ઉપક્રમ ચાલે છે તે નોંધપાત્ર બાબત છે. સમસ્ત મજાદર ગામ તેમજ આસપાસનાં ગામોના અનેક લોકોની ઉપસ્થિતિ તેમજ સક્રિય સહયોગને કારણે કાગચોથે એક લોકોત્સવનું સ્વરૂપ ધારણ કરેલું છે.

કવિ શ્રી દુલા ભાયા કાગના સાહિત્ય અંગે ગુજરાતના અદ્વિતીય એવા લોકસેવક પૂજ્ય રવિશંકર મહારાજની વાત કાન માંડીને સાંભળવા તથા સમજવા જેવી છે. ૧૯૫૬ના ફેબ્રુઆરી માસમાં પૂ. દાદા લખે છે : 'હું તો તમારા મોઢામાંથી નીકળતી પંક્તિઓનો પ્રવાહ જોઈને દંગ થઈ જાઉં છું. વિચારું છું કે કયા અભ્યાસને અંતે આવો પ્રવાહ વહેતો હશે ? કંઈ સમજાતું નથી. એટલું સમજાય છે કે તમારા જેવા કવિઓ થતા નથી પણ જન્મે છે. ઈશ્વરનો એ આશીર્વાદ છે કે ઢોર ચારતાં, જંગલોમાં ફરતાં ફરતાં કાવ્યો સૂઝે અને પવિત્ર નદીઓનો પ્રવાહ વહે તેમ વહેવા માંડે. આ સામાન્ય વાત ન કહેવાય.'

પૂ. રવિશંકર દાદા ખરા અર્થમાં ઝવેરી હતા. તેમની પરખ તથા સૂઝના નીચોડ સ્વરૂપે અંતરની ઊર્મિથી ભીંજાયેલા આ શબ્દોને ઉજાળે તેવું ધન્યનામ સર્જન ભગતબાપુનું છે. શ્રી હિંગોળભાઈ નરેલા લખે છે તેમ આ કવિ સમગ્ર સમાજ માટે પુષ્પોની ચિરંજીવી સૌરભ પાથરીને વિશાળ લોક સમુદાયમાં હૃદયસ્થ થયા છે.

મઘમઘતો મૂકી ગયો બાવન ફૂલડાંનો બાગ
અમ અંતરને આપશે કાયમ સૌરભ કાગ.

કવિ શ્રી કાગ સતત વિકસતા વિચારપુરુષ હતા. કોઈ એક રાજ્યના રાજ્યકવિ થઈને મળી શકતી મબલખ સુવિધાઓ સ્વીકારવાનું તેમણે સમજપૂર્વક ટાળ્યું હતું. અન્યથા અનેક ચારણ કવિઓ માટે આ બાબત સહજ તથા સ્વાભાવિક ગણાતી હતી. લોકના થોકમાં જઈને આ કવિ પ્રગટ્યો છે. 'પગ મને ધોવા દ્યો રઘુરાય કે આવકારો મીઠો આપજે' - જેવાં ભજનો આજે પણ વિશાળ લોકસમૂહના હૈયામાં જીવે છે અને ધબકતાં રહે છે. કાગની કળાના પ્રશંસક તથા સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી વિનુભાઈ મહેતા કાગવાણીને લોકભાષાના ગ્રંથસાહેબની ઉપમા આપીને નવાજે છે તે થોડામાં

ઘણું કહી જાય તેવી સ્નેહાંજલિ છે. કવિને જગદંબાની કૃપાથી શબ્દની અમૂલ્ય સોગાત સાંપડી છે પરંતુ તેમની વાણીમાં ભારોભાર વિવેક તથા વિનયનાં દર્શન થાય છે.

સતગુરુ ! હું તો વગડાનું ફૂલડું રે...
સાધુ ! તમે કેડે ચાલ્યા જાઓ ...
વેલેથી ઉતારી મને હૈયે ધરો રે...
વાંચો મારા ભીતર કેરો ભાવ.

અનેક સંતો - મહંતોના હૃદયમાં સ્નેહનું સ્થાન મેળવનાર આ વગડાનું ફૂલ કદી ઝાંખુ - પાંખુ થાય તેવું નથી.

કવિ શ્રી દુલા ભાયા કાગ કે જેમને ગુજરાત ભગતબાપુના વહાલસોયા નામથી ઓળખે છે તેમની અમદાવાદની મુલાકાત બાબતમાં સુવિખ્યાત સર્જક શ્રી જયભિખ્ખુએ (શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ) એક મજાની વાત લખી છે. શ્રી જયભિખ્ખુને ત્યાં કવિશ્રીનો ઉતારો રહેતો અને બંનેને પરસ્પર અનન્ય સ્નેહ હતો. શ્રી જયભિખ્ખુ કહે છે કે કોકિલાના માળામાંથી કવિતા સાંભળવા મળે તે તો જગપ્રસિદ્ધ વાત છે, પરંતુ કાગના માળામાં મધુર કવિતા સાંભળવા મળે તે ખાસ જાણીતી બાબત નથી. કાગના માળામાંથી કવિતા રેલાવી જનારો આ દાઢીવાળો કવિ કાવ્ય મોહિની પાથરીને ફેબ્રુઆરી, ૧૯૭૭માં પંખી પાંખુવાળાની જેમ આ જગતના ચોકમાંથી ઊડાણ ભરી ગયો. કચ્છના મર્મી કવિ શ્રી દુલેરાય કારાણીએ પણ લગભગ આવા જ ભાવ સાથે કવિ કાગને અંજલિના પુષ્પો સમર્પિત કર્યા.

કાગના દેશમાં આજ આ વેશમાં
માન સરોવર તણો હંસ આવ્યો
લોકના થોકમાં લોક સાહિત્યની
મુક્ત મનથી કરી મુક્ત લહાણી
શારદા માતનો મધુરો મોરલો
કાગ ટહૂકી ગયો કાગવાણી.

આપણા શસ્ત્રોમાંથી જે વાણી પ્રગટ થઈ છે તે મહદ્ અંશે સર્વસમાવેશક તથા સ્વસ્થ સમાજરચના માટે હિતકારી છે. વેદ કે ઉપનિષદની જ્ઞાનવાણીને કોઈ સંપ્રદાય કે ચોક્કસ મતના બંધનથી બાંધી શકાય તેવી નથી. પરંતુ શાસ્ત્રોની આ અમૂલ્ય વાતો લોક સુધી પહોંચાડવી તે અઘરું તથા પડકારરૂપ કાર્ય છે. આ મુશ્કેલ કાર્ય આપણાં મધ્યયુગના સંતો તથા ભક્ત કવિઓએ ખૂબીપૂર્વક કરેલું છે. મીરાંની કાવ્યધારા હોય કે ત્રિકમસાહેબની ભજન સરવાણી હોય તો તેના સહારે સમાજજીવનને ઉપકારક વાતો તથા જ્ઞાનવાણીનો પરિપાક ઘર ઘર સુધી તેમજ જન જન સુધી પહોંચી શકેલો છે.

કવિ કાગ પણ આવા જ એક ધરતી સાથે જોડાયેલા કવિ હતા. પૂ. મોરારીબાપુ યથાર્થ રીતે તેમને ઊંબરથી અંબર સુધીના કવિ તરીકે પૂર્ણ ભાવથી ઓળખાવે છે. અક્ષરજ્ઞાન ઓછું, પરંતુ અંતરજ્ઞાનના મહાસાગર જેવું તેમનું પ્રભાવી વ્યક્તિત્વ હતું. કવિ કાગ એ આપણાં સાહિત્યની શોભા તથા સમૃદ્ધિ વધારનારા કવિ છે.

– વસંત ગઢવી

સંશોધનની આધારશિલા

પૃથ્વીની ઉત્પત્તિ પછી, મનુષ્ય ધરતી પર આવ્યો ત્યારથી તેનાં અવલોકનો અને અનુભવોને પરિણામે જ્ઞાનનો ઉદ્‌ભવ થતો રહ્યો છે. ભટકતું જીવન ગાળતો માનવી સમૂહમાં રહેતો થયો. ખેતી કરતો થયો. તેની જિજ્ઞાસાવૃત્તિ સતત શોધ કરતી જ રહી છે. તેમજ પોતે જે જાણે છે, તે બીજા સુધી પહોંચાડવાના એણે સતત પ્રયત્નો કર્યા છે. ક્યારેક ઇશારાથી તો ક્યારેક ચિત્રોથી. જ્ઞાનના પ્રસાર સાથે જ્ઞાનની જાળવણીની ચિંતા પણ મનુષ્યે કરી છે. જ્ઞાનની કંઠોપકંઠ પરંપરા દ્વારા, શ્રુતિ અને સ્મૃતિ દ્વારા જ્ઞાનનો પ્રસાર અને જાળવણી થયાં છે. આપણા ઋષિ-મુનિઓ તો 'હરતાફરતા જ્ઞાનકોશ' હતા. લિપિની શોધ થતાં જ જ્ઞાનવારસાને લેખિત સ્વરૂપે જાળવવાની શરૂઆત થઈ. વૃક્ષની છાલ પર, ધાતુનાં પતરાં પર, શિલાઓ પર જ્ઞાનને અંકિત કરીને પછીની પેઢીને માટે જાળવી રાખવાની શરૂઆત થઈ. હસ્તપ્રતો અને હસ્તપ્રતોના ભંડારોમાં અમૂલ્ય જ્ઞાનવારસાનો સમૃદ્ધ ખજાનો આપણા પૂર્વજોએ આપણા માટે જાળવી રાખ્યો છે.

કાગળ અને મૂવેબલ ટાઇપની બે મોટી શોધોને પરિણામે મુદ્રણકળાની શોધ થઈ. સમગ્ર વિશ્વમાં પરિવર્તનનો યુગ શરૂ થયો. બે નોંધપાત્ર ઘટનાઓ બની - એક તો પ્રકાશન-વિસ્ફોટ અને બીજો જ્ઞાન-વિસ્ફોટ. ૧૭મી સદીના મધ્યભાગમાં વિજ્ઞાનનાં સામયિકોનાં પ્રકાશન શરૂ થયાં. ૧૭૫૦થી ૧૮૫૦ દરમિયાન વૈજ્ઞાનિકો અને ટૅક્નૉલૉજિસ્ટની સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ. દરેકને અદ્યતન વિકાસ અંગેના જ્ઞાનની જરૂરિયાત ઉદ્‌ભવી. અનેક સંસ્થાઓ - ખાસ કરીને વિશિષ્ટ વિજ્ઞાનોની પ્રગતિ માટેની સંસ્થાઓ શરૂ થઈ. જેમ કે, વનસ્પતિવિજ્ઞાન, ભૂશાસ્ત્ર, ખગોળ અને રસાયણશાસ્ત્ર વગેરે. સંસ્થાઓમાં પણ સંશોધનો શરૂ થયાં. દરેક સંસ્થાઓએ પોતાનાં પ્રકાશનો શરૂ કર્યાં. પ્રચુર માત્રામાં સાહિત્ય પ્રકાશિત થવા લાગ્યું.

જ્ઞાનવિશ્વની શાખા-પ્રશાખાનો ત્વરિત વિકાસ, આંતરવિષયી સંશોધનને પરિણામે નવા નવા વિષયોનો ઉદ્‌ભવ, સંશોધનો કરવા માટે જ્ઞાન અને માહિતીની જરૂરિયાત વગેરે અનેક સમસ્યાઓ ઉદ્‌ભવી. એ સાથે કયાં, શું પ્રકાશિત થયું છે ? કયા વિષયમાં, કયા સ્વરૂપે પ્રકાશિત થયું છે ? કોણે લખ્યું છે ? કેટલું અધિકૃત છે ? વગેરે માહિતી મેળવવાના પ્રયત્નો કર્યા તે પહેલાં તો એ જરૂરી માહિતી પ્રકાશનના ધોધમાં ક્યાંય વહી જાય, ક્યાંય નોંધ પણ ન લેવાઈ હોય.

વિવિધ સંશોધનોને પરિણામે થયેલો વિકાસ આપણી નજર સમક્ષ છે. આપણે કૃષિયુગમાંથી ઔદ્યોગિક યુગ, અનુ-ઔદ્યોગિક યુગ, માહિતી યુગ, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી, ઇલેક્ટ્રૉનિક અને આજે ડિજિટલ યુગમાં પ્રવેશ્યા છીએ એ સંશોધનને જ આભારી છે. સંશોધન માટે જ્ઞાન અને માહિતી અનિવાર્ય છે. આથી જ આપણા જ્ઞાનના વારસાને નવી પેઢીને માટે જાળવવાના, જ્ઞાનના સંગ્રહની વ્યવસ્થિત પદ્ધતિ ઊભી

કરવાનો વિચાર આપણા દીર્ઘદ્રષ્ટા વિદ્વાનોને આવ્યો. પરિણામે આપણને વિશ્વકોશ (Encyclopedia) જેવા સંદર્ભગ્રંથો સુલભ બન્યા.

વિશ્વકોશની રચનાનો ઇતિહાસ ટૂંકમાં જોઈએ તો વિશ્વનો સૌપ્રથમ વિશ્વકોશ એ Pliny' Historia Naturalis અથવા Natural History છે. જેમાં ભૂગોળ, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરે જેવા લગભગ ૩૭ વિષયોની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૬મીથી ૧૮મી સદી દરમિયાન વિશ્વકોશ પ્રકારના શબ્દકોશ પ્રસિદ્ધ થવા લાગ્યા. ૧૭૦૪માં જહૉન હેરિસે (John Haris) Lexicon Technicum અથવા 'Universal English Dictionary of Arts and Sciences' આપ્યો. ૧૭૨૮માં 'Ephraian Chamber's cyclopedia' પ્રસિદ્ધ થયો. આજે જેને આપણે આધુનિક સ્વરૂપે વિશ્વકોશ (Encyclopedia) તરીકે જાણીએ છીએ તે Encyclopedia Britannicaની પ્રથમ આવૃત્તિ ૧૭૬૮માં પ્રકાશિત થઈ હતી. બ્રિટાનિકાની સતત આવૃત્તિઓ થતી રહી છે. આજે એ CD–ROMમાં તેમજ સબસ્ક્રિપ્શન દ્વારા ઑનલાઇન ઉપલબ્ધ છે. (http://www.britannica.com) ત્યારપછી તો આપણને અનેક વિશ્વકોશો મળ્યા, જેમ કે; Encyclopedia Americana, World Book Encyclopedia, McGrawhill Encyclopedia of Science & Technology વગેરે.

ગુજરાતી ભાષામાં 'વિશ્વકોશ' :

ગુજરાતમાં કોશ સાહિત્યના પ્રયત્નો થયા છે. જેમ કે; 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', 'ચરોતર સર્વસંગ્રહ' વગેરે. ૧૮૬૧માં નર્મદે 'નર્મકોશ' નામે શબ્દકોશ આપ્યો. ગુજરાતી ભાષાનો પ્રથમ વિશ્વકોશ 'જ્ઞાનચક્ર' જે રતનજી ફરામજી શેઠનાએ એકલે હાથે તૈયાર કર્યો હતો. જે ૧૮૯૯થી ૧૯૧૦ દરમિયાન ૯ ભાગમાં પ્રકાશિત થયેલો છે. ત્યારપછી આ દિશામાં સ. પ. યુનિવર્સિટી તરફથી 'જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળા' - ૩૦ ભાગ, ગુજરાત યુનિવર્સિટી તરફથી 'વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ' ૧૦ ભાગમાં પ્રકાશિત થયા. પરંતુ સાચા અર્થમાં ગુજરાતી ભાષાનો સર્વસંગ્રાહક વિશ્વકોશ આપણને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પાસેથી 'ગુજરાતી વિશ્વકોશ' - ૨૫ ભાગમાં મળ્યો. ભારતીય ભાષાઓમાં પ્રથમ કક્ષાનો, એક વૈશ્વિક કક્ષાનો વિશ્વકોશ આપણને મળ્યો જેમાં અનેક નિષ્ણાત વિદ્વાનોએ અધિકૃત જ્ઞાન-માહિતી પૂરી પાડી છે; જે વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને સામાન્ય જિજ્ઞાસુઓને જરૂરી માહિતી પૂરી પાડે છે.

વિશ્વકોશના પ્રકાર :

વિશ્વકોશ (Encyclopedia) મુખ્યત્વે બે પ્રકારના : (૧) સામાન્ય (General) વિશ્વકોશ. જેમાં જ્ઞાનવિશ્વની સર્વ પ્રકારની, સમગ્ર વિશ્વની માહિતી ઉપલબ્ધ હોય છે. (૨) વિશિષ્ટ (Special) વિષયના વિશ્વકોશ. જેમાં જ્ઞાનના વિશિષ્ટ ક્ષેત્રની માહિતીને સમગ્ર રીતે આવરી લેવામાં આવી હોય છે. (૩) આજે ત્રીજો પ્રકાર ઑનલાઇન એન્સાયક્લોપીડિયાને ગણાવી શકાય. જેમાં ઉપરોક્ત બંને પ્રકારના વિશ્વકોશ આવી શકે. ગ્રંથાલયમાં આ વિશ્વકોશો વસાવતાં પહેલાં કે સબસ્ક્રાઇબ કરતાં પહેલાં તેના મૂલ્યાંકનનાં ધોરણો દ્વારા તેની ચકાસણી કરવી જોઈએ. અધિકૃત વિશ્વકોશો સંશોધનની આધારશિલા છે.

સંશોધનો :



કોઈ પણ સંશોધનની શરૂઆત કરવા માટે તે વિશેની જ્ઞાન-માહિતી મેળવવી અનિવાર્ય છે. સંશોધન વિશેની સમજ કેળવવી જરૂરી છે. સંશોધન વિશેનો સ્પષ્ટ ખ્યાલ હોય તો જ તેમાં સંશોધક આગળ વધી શકે. એ કોઈ પણ પ્રકારનું સંશોધન હોય - મૂળભૂત ઉપયુક્ત કે ક્રિયાત્મક હોય, સંખ્યાત્મક હોય કે ગુણાત્મક હોય અથવા તો ઐતિહાસિક, વર્ણનાત્મક કે પ્રાયોગિક સંશોધન હોય - એ વિશેની સ્પષ્ટ સમજ જરૂરી છે. સંશોધનો અનેક કક્ષાએ થતાં હોય છે, જેમ કે; શૈક્ષણિક સંશોધનો, વ્યાવસાયિક કે અંગત સંશોધનો. અહીં આપણે શૈક્ષણિક સંશોધનોને કેન્દ્રમાં રાખી ચર્ચા કરી છે.

શૈક્ષણિક સંશોધનોની વાત કરીએ તો - એમ.ફિલ., પીએચ.ડી કક્ષાએ થતાં સંશોધનો, રિસર્ચ પ્રોજેક્ટ, રિસર્ચ પેપર્સ વગેરે જે અભ્યાસના ભાગ રૂપે થતાં હોય છે. આ કક્ષાએ સંશોધન કરતી વેળાએ વિદ્યાર્થી માટે 'વિષયપસંદગી' ખૂબ મહત્ત્વની હોય છે. આ તબક્કામાં વિદ્યાર્થીઓ દ્વિધામાં હોય છે. આ સમયે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તેમજ સ્થાનિક કક્ષાએ પ્રકાશિત થતી જે તે વિષયની મહાનિબંધની સૂચિઓ તેમના વિષયમાં કયા પ્રકારનાં કામ થયાં છે એ વિશે જાણકારી આપી શકે. વિષયપસંદગીની દિશામાં તેમને વિચારતાં કરી શકે. પછી સંશોધન માટે વિશિષ્ટ વિષય પસંદ કરવો વિદ્યાર્થીઓને માટે મુશ્કેલ હોય છે. તેમના અધ્યાપકો પણ તેમને વિષયપસંદગી માટે મદદ કરતા હોય છે. આ સમયે વિશ્વકોશ એ હાથવગો સંદર્ભસ્રોત છે.

સંશોધનોની આધારશિલા :

વિશ્વકોશ સમગ્ર જ્ઞાન-વિશ્વને સંક્ષિપ્તમાં રજૂ કરે છે. સામાન્ય વિશ્વકોશ કોઈ પણ વિષયની પૂર્વભૂમિકા, પરિચયાત્મક માહિતી પૂરી પાડે છે. આમાંથી વિદ્યાર્થીને-સંશોધકને પોતાના અભ્યાસના - સંશોધનના રસના વિષયની પશ્ચાદ્‌ભૂમિકા પ્રાપ્ત થાય છે. આ માહિતીની જાણકારી મેળવીને તે - જે તે વિષયના વિશિષ્ટ વિશ્વકોશમાં તે અંગેનો અભ્યાસ કરી શકે. અહીં એના વિષયનું સમગ્ર ચિત્ર તેને જોવા મળે છે. મુખ્ય વિષય, તેની વિભાવના, પરિભાષા, પેટા-વિષયો, મુદ્દાઓ કે વિવિધ પાસાંઓ, એકબીજા વચ્ચેના સંબંધો વગેરેની ઊંડાણપૂર્વકની માહિતી વિશ્વકોશમાંથી પ્રાપ્ત થઈ શકે છે. વિશ્વકોશમાં આપવામાં આવતો રિલેટિવ ઈન્ડેક્સ - જે મુદ્દાના અન્ય વિષય કે મુદ્દા સાથેના સંબંધો દર્શાવે છે. આથી સંશોધન માટેના વિષયની પસંદગીમાં વિશ્વકોશ ખૂબ ઉપયોગી છે. વિષયપસંદગી સાથે વિષયની સમજ કેળવવામાં, તેની વિભાવનાઓ સમજવામાં તેમજ તે વિષયમાં થયેલો વિકાસ જાણવા માટે વિશ્વકોશ આધારભૂત સ્રોત છે. કયા કયા મુદ્દાઓ વિશે કામ થયું છે અને કયા મુદ્દાઓમાં કામ કરવાની જરૂર છે તે દરેક બાબતો વિશે સંશોધકોને માર્ગદર્શન પૂરું પાડે છે.





પસંદગી કરેલા વિષય અંગેની માહિતીની શોધ ઈન્ટરનેટ દ્વારા, વિવિધ ડેટા બેઝીઝમાંથી મેળવવા માટેનાં જરૂરી Keywords / terms પણ વિશ્વકોશમાંથી મળી રહે છે. યોગ્ય terms દ્વારા search strateges ગોઠવીને ઝડપથી ચોકસાઈપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ શકે છે. વિશ્વકોશના અધિકૃત લેખો નીચે એ લેખ માટે ઉપયોગમાં લીધેલી માહિતીના સંદર્ભો આપેલા હોય છે. એના આધારે તે મૂળભૂત લેખો મેળવી શકાય છે. તેમજ વિશેષ વાચન માટેની યાદી પણ સંશોધકને સંબંધિત સાહિત્યની શોધ કરવામાં સહાયભૂત બને છે.

સાંપ્રત સમયના સંદર્ભમાં વિષયપસંદગી કર્યા પછી વિષયની પરિભાષા, સંશોધનના હેતુઓ, સંશોધનના પ્રશ્નો, ચલ(variables)ની ઓળખ વગેરે દરેક બાબતોમાં વિશ્વકોશ માર્ગદર્શન આપે છે. કયા પ્રકારની સંશોધનપદ્ધતિઓ છે, કયા પ્રકારના સંશોધનમાં કઈ સંશોધનપદ્ધતિ ઉપયોગમાં લઈ શકાય તે માહિતી પણ વિશ્વકોશ પૂરી પાડે છે. સંશોધન માટેની માહિતી એકત્રિત કરવાનાં ઉપકરણોની માહિતી, માહિતીનું પૃથક્કરણ કરવાની રીતો વગેરે માહિતી વિશ્વકોશમાંથી પ્રાપ્ત થાય છે. સંશોધનના અહેવાલના લેખન અંગે માર્ગદર્શન પણ તેમાંથી મળે છે. મહાનિબંધના માનકો વિશેની માહિતી - ટાઈટલ પેજ, ફોન્ટ, સ્પેસ, સાઈટેશન સ્ટાઈલ વગેરેની આધારભૂત માહિતી વિશ્વકોશમાંથી પ્રાપ્ત થાય છે.

વિશ્વકોશમાં માહિતીની ગોઠવણી સરળ વર્ણાનુક્રમે હોવાથી માહિતીની પ્રાપ્તિ પણ ખૂબ ઝડપથી થાય છે. સંશોધકનો સમય બચે છે. અધિકૃત માહિતી પ્રાપ્ત થાય છે. વિશ્વકોશોનો ઉપયોગ કરતી વખતે તેની આવૃત્તિ ચકાસો. વિષયવ્યાપ જુઓ. ઑનલાઈન વિશ્વકોશોનો ઉપયોગ કરતી વખતે કોણે ઑનલાઈન મૂક્યા છે, કયા એનસાઈક્લોપીડિયા છે તેની અધિકૃતતા તપાસ્યા પછી ઉપયોગ કરવો જોઈએ.

આમ સંશોધનની શરૂઆતથી અંત સુધી વિશ્વકોશ એક આધારશિલા રૂપે ઉપયોગી છે.

– ઊર્મિલા ઠાકર

(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત વિશ્વના વિવિધ વિશ્વકોશોના પ્રદર્શન સમયે આપેલું વક્તવ્ય)

ખામોશીમાં થતા સંવાદનું માધુર્ય

સંવાદ દર વખતે શબ્દોનો મોહતાજ હોતો નથી. વાતો આંખોથી પણ થાય છે. હું તને પ્રેમ કરું છું એવું બોલવાની જરૂર દર વખતે પડતી નથી. હાથમાં લીધેલો હાથ ઘણું બધું બોલી દેતો હોય છે. અમુક સાંનિધ્યમાં શ્વાસનું પણ સંગીત સંભળાતું હોય છે. શબ્દોનો અર્થ મર્યાદિત હોય છે. સ્નેહનો અર્ક અમર્યાદિત હોય છે. આંખો ઉપર આંગળીનું ટેરવું મુકાય ત્યારે આખા આયખાની ટાઢક અનુભવાતી હોય છે. અમુક હાસ્ય પ્રકૃતિનાં તમામ સૌંદર્યને એકસામટું તાણી લાવે છે. આંખોની ચમક આદરની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિની ગરજ સારે છે. તારું હોવું એ જ સર્વસ્વ છે. તારું આવવું મારા માટે જિંદગીના તમામ રંગોનું એકસાથે ઊમટવું છે. ખામોશીમાં મદહોશી હોય છે. શબ્દો વગરના સંવાદમાં એક કેફ હોય છે. અહેસાસ અલગારી બની જાય છે. જિંદગી જીવવાનો અર્થ સોએ સો ટકા અનુભવાય એવી ઘડીઓ જિંદગીમાં આવતી હોય છે. મોટા ભાગે આ અહેસાસ અલૌકિક ખામોશીમાં જ થતો હોય છે. કંઈ બોલવાની, કંઈ કહેવાની, કંઈ સાંભળવાની કે કંઈ સમજવાની જરૂર નથી હોતી, અનુભૂતિ જ કાફી હોય છે ! સંવેદનાઓ જ્યારે સોળે કળાએ ખીલે ત્યારે ઘણી વખત શબ્દો સંકોચાઈ જતા હોય છે. સંકોચાયેલા શબ્દો ક્યારેક આંખોમાં આંસુની બુંદ બની ફૂટે છે તો ક્યારેક ટેરવાંની નાજુક રગોમાં ખીલે છે. સ્નેહ હોય કે સંબંધ, સાંત્વના હોય કે શાબાશી, મૌન ક્યારેક શબ્દો કરતાં વધુ બોલકું બની જાય છે. નિઃશબ્દતા એ શબ્દોની ગેરહાજરી નથી, પણ હજારો ડિક્શનરીઓની હાજરી હોય છે. ફૂલોની ભાષા નથી, પણ એ એની સુગંધ દ્વારા પોતાની હયાતી પ્રસરાવે છે. બાળક જન્મે ત્યારે બોલતું હોતું નથી, પણ માતા સાથે એનો સતત સંવાદ ચાલતો રહે છે. સર્વશ્રેષ્ઠ પ્રેમ કદાચ મૌનથી જ ઉજાગર થાય છે. કંઈ બોલવાની જરૂર ત્યારે નથી પડતી જ્યારે મૌન બધું જ કહી દેતું હોય ! ક્યારેક આપણે ચૂપ રહીએ છીએ, કંઈ બોલવાનું મન નથી થતું. ક્યારેક કંઈ જ બોલી શકાતું નથી. કહેવું હોય છે, પણ શબ્દો મળતા નથી. શબ્દો મળે એ બધા વામણા લાગે છે. અમુક લાગણીઓ શબ્દો અને અર્થોને અતિક્રમી જતી હોય છે.

એક પતિ-પત્ની અને પત્નીની બહેનપણી સાથે ચાલ્યાં જતાં હતાં. બહેનપણીને મજાક સૂઝી. તારો હસબન્ડ તો કંઈ બોલતો જ નથી. છેલ્લે તેણે તને આઇ લવ યૂ ક્યારે કહ્યું ? તેની ફ્રેન્ડ તેની સામે જોઈને બોલી. હમણાં જ એણે આઇ લવ યૂ કહ્યું ! તેં સાંભળ્યું નહીં ! બધું આમેય ક્યાં સંભળાતું હોય છે ? તેં જોયું, આપણે સાથે ચાલ્યાં જતાં હતાં ત્યારે એક પગથિયું આવ્યું. હું તારી સાથે વાતો કરવામાં મશગૂલ હતી. પગથિયું આવ્યું ને એણે મારો હાથ પકડી લીધો. મારી ગતિને સહેજ ધીમી પાડી દીધી. મેં હળવેકથી પગથિયે પગ મૂકી દીધો. એને ફિકર થઈ કે ક્યાંક આ ઠેબું ખાઈ ના જાય ! તેણે હાથ પકડ્યો ત્યારે સ્પર્શમાં જાણે એ કહેતો હતો કે આઇ લવ યૂ ! બોલ્યા વગર કહેવાઈ જાય એ જ સાચો પ્રેમ હોય છે. તે નાના નાના વર્તનમાં પ્રગટ થતો

હોય છે. એક પ્રેમી અને પ્રેમિકા હતાં. કારમાં બંને લૉંગ ડ્રાઈવ પર નીકળ્યાં હતાં. પ્રેમિકા ધીરે ધીરે કારના દરવાજાને ટેકો દઈને સામે જોવા લાગી. બરાબર એ જ સમયે પ્રેમીએ સેન્ટ્રલ લોકથી કારના દરવાજા લૉક કરી દીધા ! પ્રેમિકાને કહેવાનું મન થઈ આવ્યું કે, પડી નહીં જાઉં ! એ કંઈ જ ન બોલી. એ લૉક માત્ર કારનું ન હતું, તેના દિલની અંદર તેણે મને સાચવી લીધી હતી. તાવ આવતો હોય ત્યારે માથે મુકાતો હાથ ખબર પૂછી લેતો હોય છે. એ સમયે બંધ થતી આંખો કહી દેતી હોય છે કે મને સારું છે. પ્રેમ, સ્નેહ, લગન, વાત્સલ્ય, ઉષ્મા અને સંવેદના મૌનમાં વધુ સાકાર થતી હોય છે.

ગેરહાજરીમાં પણ ખામોશી બોલવા લાગતી હોય છે. તું ન હોય ત્યારે પણ હું તારી સાથે વાતો કરતો હોઉં છું. કંઈક બને ત્યારે તારી સાથે વાતો માંડું છું. તું મને જવાબ પણ આપતી હોય એવું લાગે છે. દરેક હોંકારાના અવાજ નથી હોતા. મારે તને બધું કહેવું હોય છે. તું હોય જ એવું જરૂરી થોડું છે ? તારી હાજરી મારી અંદર હોય છે. પ્રેમ થાય ત્યારે દિલના મંદિરમાં એક મૂર્તિનું સ્થાપન થઈ જતું હોય છે. તેની સાથે વાતો ચાલતી જ રહે છે. ક્યારેક આરતીના મધુર અવાજનો અહેસાસ થાય છે.

એક બાપની આ વાત છે. દીકરી સાસરે ગઈ પછી એને બહુ એકલું એકલું લાગતું હતું. તેને બધી વાતો યાદ આવી જતી. કપડાં પહેરું ત્યારે કહેતી કે એની સાથે આ મૅચ થતું નથી. શર્ટ ચેઈન્જ કરી નાખો. ઇનશર્ટ કર્યું છે તો સૅંડલ ન પહેરો, બૂટ પહેરો. દીકરી ઘરે હતી ત્યારે પિતા એના રૂમમાં ભાગ્યે જ જતા. એ સાસરે ગઈ પછી રોજ એના રૂમમાં જઈ પાંચ-સાત મિનિટ બેસતા. જાણે દીકરીને હગ કરતા હોય એવું ફીલ થતું. ટેબલ પર દીકરીએ રાખેલી ડેડી સાથેની તસવીર જોતા રહેતા. દીકરીના ડ્રેસિંગ ટેબલ સાથેના મિરર પર ચોંટેલી દીકરીની બિંદી દીકરીના આખેઆખા અસ્તિત્વને જીવતું કરી દેતી હતી. એક દિવસ એ દીકરીના રૂમમાંથી બહાર જતો હતો ત્યાં જ દીકરી ઘરે આવી ચડી. પિતા સામે જોયું તો એની આંખોમાં થોડોક ભેજ વર્તાયો. પિતાને વળગી પડી. આંખમાં બાઝેલો ભેજ ક્યારેક વાદળું બનીને વરસવા માંડતો હોય છે. કયા શબ્દો આ દૃશ્યને વર્ણવવા માટે સક્ષમ છે ? એકેય નહીં ! દરેક સંબંધમાં શબ્દોની જરૂર નથી હોતી. ઇશારાની પણ આવશ્યકતા હોતી નથી. વેવલેન્થ એ બીજું કંઈ નથી, પણ કંઈ જ બોલ્યા વગર એકબીજાને સમજવાની અને એકબીજાને પામવાની એક અલૌકિક ઘડી જ હોય છે. ખામોશીની એક ભાષા હોય છે. એ ભાષા પાસે શબ્દકોશના દરેક શબ્દ ફીકા પડે છે. મૌન એક સાધના છે. સાત્ત્વિક મૌન માણસને ઉમદા બનાવે છે. એકાંતનું મહત્ત્વ એટલા માટે જ છે કે માણસ શબ્દો બોલ્યા વગર પોતાની સાથે સંવાદ સાધી શકે. આપણી વ્યક્તિ આપણી સાથે હોય ત્યારે પણ એક અલૌકિક એકાંતનો અહેસાસ થઈ શકે, શરત એટલી જ હોય છે કે બંને એક શબ્દ પણ બોલ્યા વગર એકબીજા સાથે સંવાદ સાધી શકે અને સંવાદ સમજી શકે. હાજરી હોય એ જ પૂરતું છે. એકબીજામાં એકબીજાની હાજરી એ સંબંધ અને સંવાદની અલૌકિક અવસ્થા છે. ઓતપ્રોત હોવાનો અર્થ જ એ છે કે એકબીજામાં ખોવાઈ જવું !

– કૃષ્ણકાંત ઉનડકટ

શાહજહાંનો શાહીબાગ મહલ

યુનેસ્કોએ અમદાવાદને 'વર્લ્ડ હેરિટેજ સિટી'ની ઓળખ આપી હોય એના કારણમાં આ શહેરમાં સ્થિત સ્થાપત્યો, સ્મારકો, શિલ્પો, વાવ, તળાવ ઇત્યાદિનો ઘણો મોટો ફાળો છે. છસ્સોથી વધુ વર્ષની વય ધરાવતા અમદાવાદ શહેરનો નકશો ચારેકોરથી વિસ્તર્યો છે - ફૂલ્યોફાલ્યો છે. દરવાજાની ભીતરના નગરનાં કદ-કાઠી ઓછાં પડ્યાં, વસ્તીવિસ્ફોટ થવાથી કેટલાક 'મોટા' કહેવાતા લોકોએ શુદ્ધ પ્રાણવાયુને પગલે, વિપુલ જગ્યા મળી ત્યાં ડેરાતંબુ નાખ્યા અને લૅવિશ - વૈભવી જીવનશૈલીને અનુસર્યા. સૌથી પહેલાં તો 'શાહીબાગ' નામના વિસ્તારનો વિકાસ થયો. એ બાગ શા કારણે શાહી કહેવાયો એને વિશે એક કથા મળે છે. આમ તો અહમદશાહ બાદશાહ, અકબર બાદશાહ અને અન્ય મુઘલ શાહી રાજાઓ શાહ-સોદાગરો જેવા જ ઠાઠમાઠનાં સરનામાં હતા. ઈ. ૧૫૭૩થી ૧૭૫૮ દરમિયાનનાં ૧૮૫ વર્ષોના સમયગાળામાં ગુજરાતમાં મુઘલ રાજાઓનું શાસન પ્રવર્તતું હતું.

અકબર બાદશાહે પ્રિન્સ ખુર્રમને ઈ. ૧૬૧૬માં અમદાવાદના વાઇસરૉય - મુઘલ ગવર્નર તરીકે નીમેલા તે ઈ. ૧૬૨૩ સુધી એમણે એ જવાબદારી નિભાવી. એ પ્રિન્સે 'શાહજહાં' નામના બાદશાહ બનતાં પહેલાં એક બહુ મોટો પ્રકલ્પ હાથ ધર્યો. આમ તો એમના અહીં આવતાં પહેલાં મુઘલોએ ગુજરાતની ભૂમિ પર ઇસ્લામી સ્થાપત્યશૈલીની ભવ્ય ઇમારતો બાંધવા માંડી હતી. શાહજહાંના કાર્યકાળ દરમિયાન જનતાને અહીં અછતના કપરા કાળનો સામનો કરવાનો આવ્યો. ઉદારદિલ શાહે શ્રમિકોને મજૂરી અપાવવા માટે સાબરમતીને તીરે મકસદપુર ગામમાં ભવ્ય મહેલનું નિર્માણ શરૂ કર્યું. ઈ. ૧૬૧૮માં શરૂ થયેલું બાંધકામ ઈ. ૧૬૨૨માં તો પૂરું પણ થઈ ગયું. આ વિસ્તાર એ મહેલ 'શાહીબાગ'ને કારણે જ શાહીબાગ તરીકે ઓળખાયો - જ્યાં પેલા ખમતીધર લોકો 'રૉયલ ગુજરાત અને રૉયલ સૌરાષ્ટ્ર' કહેવાતી સ્થાપત્યશૈલીના બંગલા બાંધીને વસવા લાગ્યા. આ ફેરફાર ઓગણીસમી સદીમાં થયો હતો.

અમદાવાદને ગમી જાય એવી એક 'પ્રાયોરિટી'ની વાત. શાહજહાંએ શાહીબાગ બનાવ્યા બાદ આગ્રાનો વિશ્વવિખ્યાત તાજમહેલ બંધાવ્યો હતો. હા, તો નામ મુજબ આ શાહી સ્થાપત્ય સાથે અંદર મુઘલ ગાર્ડન પણ બનાવ્યો હતો. એ શાહી ઉપવનમાં ચારબાગ શૈલી - ચતુર્ભુજ શૈલીનો પ્રયોગ થયેલો. એટલે કે તે ચોખૂણિયો બાગ હતો. (ખરેખર તે હતો.) એ વિશાળ બાગમાં કૂવો, નાનું સરોવર અને કતારબંધ અનેક ફુવારાઓ હતા. તળાવમાં માછલીઓય હતી. વસંતમાં અતિ દર્શનીય બની રહેલા

શાહીબાગ મહેલ

એ બગીચામાં ફુવારાનું પાણી પીતા સરુ, દેવદાર, ખજૂરી, ચંદન અને તજનાં ભવ્ય વૃક્ષો હતાં - જે હજી ભગ્નાવશેષોની મધ્યમાં સાક્ષી પૂરે છે. આંબા, આંબલી અને અન્ય ફળાઉ વૃક્ષો પણ ખરાં. આ સંકુલની નજીક 'અંધારી બાડી' નામનો જૂનો બાગ છે, જે હરહંમેશ સારી સ્થિતિમાં રહેતો. ૧૬૩૮ સુધી શાહીબાગ પૅલેસ ઘણો મોટો હતો, જ્યાં પેલા વિશાળ બાગ સુધી દોરી જતા, પૅરિસમાં હોય એવા 'ઍવેન્યૂઝ' હતા - એટલે કે કેડીની બંને બાજુ વૃક્ષોની હારમાળા હોય એવા રસ્તા - જ્યાં પ્રફુલ્લિત વૃક્ષો એકબીજાં સાથે મૈત્રીપૂર્ણ હસ્તધૂનન કરતાં. ગાર્ડનને વીંધીને જતી ચાર કેડીઓ ઝૂલદાર - વળાંકદાર હતી અને ત્યાં જ એમ્ફિથિયેટર પણ હતું. આ બધામાં એક મુદ્દો હજી છે અને એ છે, એને પાછળથી અપાયેલું નવું નામ - 'મોતી શાહી પૅલેસ' !

મૂળભૂત શાહીબાગ મહેલનું બાંધકામ જુદા જુદા સ્તરે ક્રમાનુસાર ઊંચાઈ મુજબ કરવામાં આવેલું. નદીનીરનો માર એ સહન કરી શકે માટે નદી અને મહેલની વચ્ચે મજબૂત 'પુસ્તો' (મજબૂત ચણતર) બનાવવામાં આવેલો. મહેલ માટેના ઊંચા પાયા ઉપર ધાબું ભર્યું છે જેને અનેક સ્તંભોનો ટેકો આપવામાં આવ્યો છે. કમાનાકારે બનાવેલા ભોંયરામાં શાહી મહેમાનો અને કર્મચારીઓ માટેના આવાસ હતા. ભોંયરાને ફરતી નહેર, કૂવા અને ફુવારાઓને કારણે તાપમાન સતત નીચું જ રહેતું. પેલું ધાબું મહેલ માટેની છો અને ઓટલાનો વિકલ્પ બની રહે છે.

મહેલ અને સાભ્રમતીને જોડતાં સોપાનો પણ ઇતિહાસની ગુંજને તાજી કરતાં રહે છે. મહેલના ભોંયતળિયે વિશાળ બેઠકખંડ છે જેની ઊંચાઈ બિલ્ડિંગને અનુરૂપ છે. દીવાલો શ્વેત જડતરથી આવરી લેવાઈ છે જે લિસ્સા આરસપહાણ જેવી પૉલિશવાળી જણાય છે. ખૂણે પડતો વળાંકદાર ગોખલો આઠ અષ્ટકોણિયા ઓરડા સામું જુએ છે - જેમાંના ચાર નીચે અને ચાર ઉપરના માળે છે. દરેકની સીડીઓ સ્વતંત્ર છે. દીવાનખંડ જેવી જ શૈલી અહીં દેખાય છે. સપાટ છાપરું વિશાળ દૃશ્ય દર્શાવે છે. શાંત એકાંત

સર્જતા શણગાર વચ્ચે મૂળભૂત વચલો ખંડ બે મોટા વિભાગો ધરાવે છે. રૉયલ મેન્શનથી થોડે દૂર સરિતાકિનારે જનાનખાનામાં અલાયદા હમામખાના, ઓરડા, બાગ, ફુવારા, મહેલ આદિ હતા. દરેક સ્થળે દીવાલોનું પ્લાસ્ટર ધ્યાનાકર્ષક છે અને ખંડોની છતો ઉપર તો નજાકતભર્યું નકશીકામ અને રંગ મહેલને શાહી ભવ્યતા અર્પે છે. નીચેના દરેક ખંડમાંથી એક એક ઝરૂખો બહાર ઝાંકતો દેખાય. પાછળથી મજબૂત પથ્થરની દીવાલ ચણાઈ હતી, જ્યાંથી અંદરના મકાનના છાપરે લગાડેલી ગ્રીન ટાઇલ્સ પણ દેખાતી. ૧૬૨૨માં શાહીબાગનું બાંધકામ પૂર્ણ થયું પછી બ્રિટિશરો આવ્યા ત્યાં સુધીમાં તો મહેલ વેરાન થઈ ગયો હતો. લશ્કરી છાવણીમાં તબદીલ થઈ ગયેલો. ૧૮૭૮માં આ મહેલમાં સત્યેન્દ્રનાથ ટાગોર કમિશનર તરીકે રહેલા ત્યારે તેમના નાના ભાઈ કવિવર રવીન્દ્રનાથ ટાગોર સત્તર વર્ષની વયે અહીં આવીને રહ્યા હતા. અહીં 'ક્ષુધિત પાષાણ' નામની વાર્તા એમણે લખી હતી તે આ મહેલ અને અમદાવાદને મળેલું એક નજરાણું ગણાય. આઝાદી પછી ૧૯૬૦થી ૧૯૭૮ સુધી આ સ્થળ ગુજરાતના રાજ્યપાલનું નિવાસસ્થાન હતું અને ત્યાર બાદ મરૂન-સફેદ રંગનો શાહીબાગ પૅલેસ સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક તરીકે લોકચાહના પામ્યો છે. ભારતીય પુરાતત્ત્વ ખાતાએ આ મહેલમાં થયેલ અનધિકૃત બાંધકામ અન્વયે કેટલાક મુદ્દા ઊભા કર્યા હતા, પણ હજી આ મહેલ શાહી છે અને બાગ પણ છે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

– સુધા ભટ્ટ

નવલકથા-સ્પર્ધાનું પરિણામ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની 'વિશ્વા' પ્રવૃત્તિ દ્વારા બહેનો માટે નવલકથાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિશ્વકોશ ટ્રસ્ટને કુલ ૩૫ જેટલી મૌલિક નવલકથાઓ પ્રાપ્ત થઈ હતી. આ નવલકથા-સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે :

૧. પ્રથમ પારિતોષિક – કોઈ નહીં

૨. દ્વિતીય પારિતોષિક – 'હલમા'

લે. વંદના શાંતુઈન્દુ, વડોદરા

૩. તૃતીય પારિતોષિક – 'પર્સિસ'

લે. નીતા જોશી, વડોદરા

દ્વિતીય પારિતોષિક મેળવનાર કૃતિને દસ હજાર રૂ. અને તૃતીય પારિતોષિક મેળવનાર કૃતિને પાંચ હજાર રૂ.નું પારિતોષિક એનાયત કરવામાં આવશે. આ સ્પર્ધા માટેના નિર્ણાયક તરીકે શ્રી રાજેન્દ્ર પટેલે તથા પરામર્શક તરીકે શ્રી ધીરુબહેન પટેલે કામગીરી સંભાળી હતી.

આગામી કાર્યક્રમો

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા એપ્રિલ મહિનામાં નીચે મુજબના કાર્યક્રમો ઑનલાઇન યોજવામાં આવ્યા છે. દરેક કાર્યક્રમ સાંજના ૫.૩૦ વાગ્યે જોઈ શકશો.

◈ **૨૧ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : પ્રતિકૂળતા એ જ અનુકૂળતા : પ્રજ્ઞાચક્ષુની પુરુષાર્થગાથા

વક્તા : ભૂપેન્દ્ર ત્રિપાઠી

◈ **૨૮ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : વિનોદ ભટ્ટ : વિશેષ સ્મરણો

વક્તા : રતિલાલ બોરીસાગર

◈

શ્રી મનસુખભાઈ મેદાણી પ્રેરિત
સ્વાસ્થ્ય-યોગ વ્યાખ્યાનશ્રેણી

◈ **૭ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : કોરોના અને માનસિક સ્વાસ્થ્ય

વક્તા : હિના સક્સેના

◈

કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ
સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૦ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : શ્રી અરવિન્દનું મહાકાવ્ય : સાવિત્રી

વક્તા : રાજેન્દ્ર પટેલ

◈

શ્રી રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૧૭ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : તાજેતરમાં થયેલાં અષ્ટાપદના સંશોધનની દિશામાં

વક્તા : શ્રી થોમસ પરમાર

ગુજરાતી બાળવિશ્વકોશ (ભાગ ૧થી ૧૦)

ગુજરાતી બાળવિશ્વકોશની દસ ગ્રંથોની શ્રેણીમાં ૨,૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો, ૬,૧૭૬ ચિત્રો, ૧૫૮ નક્શાઓ અને ૪૧ જેટલા આલેખોનો સમાવેશ થયો છે.
આ દસ ગ્રંથની કુલ પૃષ્ઠ સંખ્યા ૨,૯૭૨ છે.
જેની કુલ કિંમત ૯,૫૦૦/- રૂ. છે, જે ૭,૧૨૫/- રૂ. માં મળશે.



ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી ૧થી ૨૫ ગ્રંથોની કિંમત ₹ ૨૭,૯૦૦ છે, જે ₹ ૨૦,૯૨૫માં મળશે.



પરિભાષાકોશ
કિંમત ₹ ૪૦૦/-
જે ₹ ૩૦૦માં મળશે.



તારીખ અને તવારીખ
કિંમત ₹ ૬૦૦
જે ₹ ૪૫૦માં મળશે.

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month under postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી



કૅન્સર,
લે.-સં. ડૉ. શિલીન નં. શુક્લ,
કિં. ₹ ૧૫૦/-



જ્ઞાનાંજન-૧
સં. પ્રીતિ શાહ, કિં. ₹ ૨૦૦/-



જ્ઞાનાંજન-૨
સં. પ્રીતિ શાહ, કિં. ₹ ૨૫૦/-



રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ
લે. ડૉ. જે. પી. ત્રિવેદી,
કિં. ₹ ૧૨૦/-



કવિની ચોકી
લે. ત્રિદીપ સુહૃદ, કિં. ₹ ૨૫૦/-



હોમી જહાંગીર ભાભા
લે. પ્રહ્લાદભાઈ છ. પટેલ,
કિં. ₹ ૯૦/-